કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૫ ● મે ૨૦૧૯



પ.પૂ.મોટા મહારાજશ્રીના
૭૫માં
પ્રાકટ્યોત્સવ
પ્રસંગે...

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧











૧.પ.પૂ.મોટા મહારાજશ્રીના કળશમાં પ્રાગટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં યોજાયેલ સંગીત સમારોહ પ્રસંગની યાદગાર તસવીરો :પ.પૂ.મોટા મહારાજશ્રીને કેક ખવડાવી જન્મદિવસની શુભેચ્છા પાઠવતા સોખડા હરિધામથી પધારેલ હરિપ્રસાદસ્વામી, પૂ.મોટા મહારાજશ્રીની પસંદગીના રાગો સાંભળ્યા બાદ સંત-વાદકોને ભેટીને આશીર્વાદ આપતા પૂ. આચાર્ય મહારાજશ્રી અને ઉસ્તાદશ્રી આવેલ કેડિયા અને વર્ગની પ્રસ્તુતિને એક ચિત્તે માણતા ભક્તવૃંદ. ૨. અમદાવાદ મંદિરમાં સંત ખાત ધીધા. ૩. ખુશાલપર (છપૈયાધામ) ભાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. વડાલી (હરેવાળ) મંદિરના રજત પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. શ્રી સ્વામિનારાયણ વરિષ્ઠ નાગરિક મંડળ, સેક્ટર-૨ ગાંધીનગર દ્વારા છપૈયામાં સત્સંગી પારાયણનું આયોજન કરાયું હતું.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● સળંગ અંક : ૧૪૫

મે-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રી ધર્મદેવની સાત પેઢી | ૦૬ |
| ૦૪. | હે શ્રીહરિ મારી દૃષ્ટિ આગળ રહો | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૧ |
| ૦૬. | શું આપણે મહારાજના ગમતામાં છીએ ? | ૧૪ |
| ૦૭. | "હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી" | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૭ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૮ |

# અસ્મદીયમ્

વિશ્વના મોટામાં મોટા લોકશાહી દેશ એવા આપણા ભારત દેશની ચૂંટણી હાલ ચાલી રહી છે. આપણો દેશ આઝાદ થયા પછીની આ ચૂંટણીમાં પાંચ હજાર કરોડ ઉપરાંત ચૂંટણી ખર્ચ થશે. જે એક મોટા સીટીનું બજેટ જેટલું કહેવાય. એક તરફ ઉનાળાની ફુલ સીજન ચાલુ છે. અમદાવાદ શહેરમાં ગરમી ૪૪ ડીગ્રી ઉપર પહોંચી છે. હજુ મે, જૂન અને જુલાઈ આવતા સુધીમાં ગરમી કેટલી પડશે તે તો સર્જનહાર જાણે.

દરેક ચૂંટણીમાં દરેક પક્ષના લોકો હિન કક્ષાની વાણી ઉચ્ચારે છે. છેક છેલ્લી હદે જાય છે. આ હિન્દુ સંસ્કૃતિનું ઘોર અપમાન છે. સમજુ અને શાણો નાગરિક તેનું ખાસ ધ્યાન રાખે છે. આજનો શિક્ષિત યુવાન ખૂબજ જાગૃત છે. તે જ્યારે તેમનો મિજાજ બતાવશે ત્યારે આવા નિમ્નકક્ષાની વાણીનો ઉપયોગ કરનાર રાજકારણીઓને બરાબરનો પાઠ ભણાવશે. તેમાં જરાય અતિશ્યોક્તિ નથી.

હવે જે લોકો માટે, સમાજ માટે અને દેશ માટે કામ કરશે તેને જ જીતાડશે. બાકી ફક્ત વાતો કરનાર અને જેવી તેવી ભાષા વાપરનાર ફેંકાઈ જવાના છે. તે નક્કી વાત છે.

આધારાનંદસ્વામીની વાતોમાં સર્વોપરિ શ્રીહરિએ ઘણીવાર અંગ્રેજ સરકારના રાજ્યની પ્રસંશા કરી છે પણ સાથે સાથે એવું પણ કહ્યું છે કે જો તમે નીતિથી રાજ્ય કરશો તો તમારૂ રાજ્ય ખૂબ સારુ અને લાંબુ ચાલશે. પણ જો તમે નીતિ ચૂક્યા તો લોકો તમને ફેંકી દેશે. આજે આ વાત સિધ્ધ થતી દેખાય છે. ભગવાન જેવા ભગવાન જ્યારે વાત કરતા હોય ત્યારે તે સત્ય જ બને અને સત્ય જ હોય છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(એપ્રિલ-૨૦૧૯)





૧૧-૧૨ નારાયણપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.
૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર સલકી (તા. દહેગામ) પધરામણી.
૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬-૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ-કચ્છ) પધરામણી.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) શ્રી હનુમાન ચાલીસા કથા પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર જાઈવા અને રોહીશાળા (હાલાર મૂળી દેશ) પધરામણી.
૨૮-૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી-કચ્છ રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ-૨૦૧૯)

૧૪ બાપુનગર એપ્રોચ શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ યુવા શિબિર પ્રસંગે પધરામણી.
૨૧ શિલજ અમદાવાદ સત્સંગ સભામાં પધરામણી.
૨૭ ચાંદખેડા પ.ભ. નિમેષભાઈ પટેલને ત્યાં કથા પ્રસંગે પધરામણી.



# શ્રી ધર્મદેવની સાત પેઢી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ સાર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મનુષ્ય દેહ ધારણ કરવા ધર્મકુળની ગોદ પસંદ કરી એટલે આ ભારતભૂમિ ઉપર ધર્મવંશ સર્વ શ્રેષ્ઠ પવિત્ર પરંપરા છે. ધર્મદેવના પૂર્વજોની કથા-ઈતિહાસ જાણવા માત્રથી પ્રતીતિ થાય છે કે, પેઢીઓના ગુણો - યશ - પવિત્રતાથી પ્રેરાઈને અક્ષરધામાધિપતિ ધર્મદેવના રક્તના બુંદને મનુષ્ય દેહ ધારણ કરવા નિમિત્ત કર્યું. ઈકોતેર પેઢીઓના જીવન દર્શન કરવા તો ઘણા દુર્લભ છે. પરંતુ માત્ર સાત પેઢીઓના જીવન દર્શન કરીએ તો પણ જીવન ધન્ય બની જાય.

વિક્રમ સંવત વર્ષ ચૌદમાં સૈકામાં નેપાળ દેશના મહારાજાના રાજ્યમાં ''દેવહા'' સરિતા નદીના કિનારે આવેલા લતાતરુ નંદનવનની વચમાં એક પવિત્ર ''રકહટ'' નામે ગામ આવેલું છે. ત્યાં ચાર વર્ણાશ્રમી લોકો વસતા હતા. ત્યાં સરયૂપારી વિપ્ર વેદ-વેદાન્તના જાણકાર ધર્મનિયમ પાળનાર શ્રીકૃષ્ણભક્તિમાં વિશેષ સંયમિત જીવન વ્યતીત કરીને બીજાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ આપવામાં પવિત્ર એવા ગોરખપાંડે અટકધારી ''રામપ્રસાદ'' નામે વિપ્ર પોતાના પરિવારની સાથે નિવાસ કરીને રહેતા હતા. તેમના પુત્ર પાંડે ''ધરણીધર'' નામે વેદ-વેદાન્ત-જ્યોતિષ-દર્શન જેવા છ શાસ્ત્રોના પંડિત જેઓ નેપાળના મહારાજાના રાજગુરુપદે નિયુક્ત થયા હતા. નેપાળ રાજધાનીમાં રાજ્ય સત્તાથી સન્માનિત પાંડે ધરણીધર વિષેની ખ્યાતિ સારા રાજ્યમાં એક આદર્શ જીવન જીવનાર પવિત્ર સદાચારી રાજગુરુ તરીકેની હતી. નેપાળ રાજ્યના ચારેય વર્ણના લોકો તેમને ખૂબ જ માન-સન્માન આપતા. રાજ્યસભામાં નેપાળ નરેશ નિત્ય અને નૈમિત્તિક રાજગુરુ પાંડે ધરણીધર શાસ્ત્રીનું પૂજન અર્ચન કરીને આશીર્વાદ ગ્રહણ કરતા. ગુરુની કૃપાથી રાજાની યશ-કીર્તિ-ધન-બળમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. તેઓની ઓળખ ગોરખ પાંડે અટક તેમાંના ઉચ્ચકુળના તેર ઘરના રામાનુજ સિધ્ધાંતના વિશિષ્ટાદ્વૈતના અનુયાયી, સામવેદ, કૌથુમીશાખા, સાવર્ણીગોત્ર, તેના ત્રણ પ્રવર ભાર્ગવ-વૈતહવ્ય-સાવેતસ, કુળગુરુ હનુમાનજી, કુળમાતા કમલાદેવીથી વિભૂષિત પાંડે ધરણીધરના ''ગંગાપ્રસાદ'' નામે પુત્ર થયા. તેઓ ગોરખપુરમાં આવીને વસ્યા. ત્યાં ગોરખપુરના રાજા થકી રાજ્ય સન્માન સંપાદન કરીને ઘર - ધન - સમ્પત્તિ -ભૂમિનું મહાદાન મેળવ્યું. ગંગાપ્રસાદ પાંડે પોતાની સરવરિયા કુળ પરંપરાની કીર્તિને ઉજાગર કરતા કરતા વેદ-ઉપનિષદ-દર્શન જેવા શાસ્ત્રોમાં પારંગત થયા. એકવાર કાશીપુરીમાં શાસ્ત્રાર્થ ચર્ચામાં નિમંત્રણનું સૌભાગ્ય મળતા કાશીપુરી ગયા. આ શાસ્ત્રાર્થમાં ભાગ લેનારા વેદપુરુષો-તમામ વિદ્યાનો ગંગાપ્રસાદ પંડિતના પ્રશ્નોના જવાબ આપવા અસમર્થ થયા. ત્યારે તેમણે પોતાનો પરાજય સ્વીકારીને ગોરખપુર રાજ્યના ગંગાપ્રસાદ પાંડેને

વિજય ઘોષિત કરીને રાજ્ય સન્માન મેળવ્યું હતું. સૂર્યની ગતિની સમાન યશ-કીર્તિ મેળવનાર ગંગાપ્રસાદનો જયજયકાર દીન-પ્રતિદિન વધતો હતો. ત્યારે અન્ય દ્વેષીઓ તેઓની કીર્તિ સહન ન થતા તેઓને યુક્તિ-પ્રયુક્તિ વડે કાલ્પનિક કારણો વડે અપમાનિત કરવાના પ્રયત્નોનો જન્મ થતા જ, એક સ્વમાની વિચારધારા વાળા ગંગાપ્રસાદ પાંડે ગોરખપુર છોડીને ત્યાંથી થોડેક દૂર પોતાના મામાનું ગામ (મોસાળ) ગોરખપુર જીલ્લાના જ સહજનવા તાલુકાના ઈટાર પાડે ગામમાં (ઈટારપુર) આવીને સપરિવાર વસ્યા. ત્યારથી ગોરખપાંડે અટકનો ત્યાગ કરીને ઈટારપાંડે અટક ધારણ કરી. જેવા પિતા એવા જ ગુણોથી યુક્ત તેમના પુત્ર તરીકે ''લક્ષ્મણ શર્મા'' નામે થયા. તે લક્ષ્મણ શર્મા વિપ્રને ત્યાં ''વંશીધર'' નામના પુત્ર થયા. વેદ-વેદાન્તનો અભ્યાસ કરવો એ એમના કુળપરંપરાના સહજ ગુણો હોય, વળી સાંખ્ય-યોગધારણ કરીને મુખે અખંડ હરિ-હરિ એવો જપ કરતા રહેતા. વળી પંચાંગના પારંગત કોઈના માંગલિક પ્રસંગોના મુહૂર્ત આપવામાં કુશળ તેમાં વિધાતા પણ મિથ્યા ન કરે એવા પુરોહિત તેમના પુત્ર ''વેદમાન'' નામે થયા. જેઓની નીતિશાસ્ત્રમાં કુશળતા વિષે દશે દિશાઓમાં પ્રશંસા થતી. તેમના પુત્ર ''કન્હીરામ'' નામે થયા. જેઓ એક આદર્શ પરમાર્થી તરીકે પ્રસિધ્ધ થયા. તેઓ કેટલાક સમય માટે દશ ગાઉ દૂર આવેલ મેહદાવ નામના નગરમાં રહ્યાં હતા. ત્યાંના સુરનેત્ર નામના રાજાના કુળપંરપરાના પૂજ્ય પંડિત પણ રહ્યા હતા. પરંતુ સમય જતા પાછા પોતાના જન્મ સ્થાન ઈટારપુર પ્રદેશના કુળગુરુ તરીકે પ્રસિદ્ધિને પામ્યા. તે દિવસથી ઈટારપુર ગામ ઈટાર પાંડે તરીકે પ્રસિધ્ધિને પામ્યું. તેઓના પુત્ર વિધાતા અજ-બ્રહ્માજીના અંશરૂપે ''બાલ શર્મા'' નામે થયા. આ બાલ શર્મા વેદશાસ્ત્રોમાં પારંગત, ધર્મપ્રેમી, સત્યવાદી અને જીતેન્દ્રિય હતા. પવિત્ર કુળ પરંપરામાં જન્મેલા આ બાલશર્માજીએ અનેક યજ્ઞો કર્યા હતા. તેઓના ''ભાગ્યવતી'' નામે નારીની સાથે વિવાહ થયા. આવા પરમ પવિત્ર, શુધ્ધ વંશ પરંપરામાં, વિશુદ્ધ અંતઃકરણ વાળા દંપતીને માતા-પિતા કરવાનો ધર્મદેવે મનથી દૃઢ નિર્ણય કર્યો. સમસ્ત વિશ્વને ધારણ કરનારા સ્વયં ધર્મદેવનું બદરિકાશ્રમમાં દુર્વાશા મુનિનો શાપ ગ્રહણ કરીને આ પૃથ્વી ઉપર પ્રાગટ્ય જાણી દેવતાઓ નંદનવનમાંથી પુષ્પો લાવી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. જયજયકાર કરવા લાગ્યા. વિક્રમ સંવત ૧૭૯૬ માં પ્રમોદના સંવત્સરમાં, શરદઋતુમાં બુધવારે, કાર્તિક સુદ એકાદશી તિથિના પવિત્ર દિવસે ઉત્તર ભાદ્રપદ નક્ષત્રમાં વજનામના યોગમાં કલ્યાણી નામના કરણમાં, કુંભ લગ્નમાં, મંગળ, બુધ, ગુરુ અને શુક્ર આ ચાર ગ્રહો કેન્દ્ર સ્થાનમાં રહેતા મનુષ્ય શરીરધારી સાક્ષાત્ ધર્મદેવ પુત્ર રૂપે પ્રગટ થયા. પિતા બાલશર્માએ દશ ગાઉના વિસ્તારમાં સાકર વહેંચીને જન્મોત્સવ ઉજવ્યો. ગાયો - દેવો - વિપ્રોનું પૂજન કરીને રાજી કર્યા. પિતાએ તેઓનું હરિપ્રસાદ એવું સુંદર નામ રાખ્યું.

આવી સર્વશ્રેષ્ઠ પવિત્ર પરંપરામાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મનુષ્યાકૃતિ ધારણ કરીને ધર્મકુળના રક્તને પાવન કરી દીધું છે.

આજે પણ ઉધ્ધવીય પરંપરામાં ધર્મદેવના રક્તની પરંપરા શ્રીજી મહારાજના સમાન સન્માનની સાથે આદર થકી પૂજવામાં આવે છે. આ સંપ્રદાય જ્યાં સુધી ધર્મવંશીની પૂજા કરશે ત્યાં સુધી જગતમાં સત્સંગ અણી શુધ્ધ રહેશે. અને જ્યારે જે ધર્મકુળને મુકીને પોતાની વિચાર ધારાઓનો વિસ્તાર કરવા જશે તેનું તો હવે ભગવાન જાણે શું થશે ?

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

# હે શ્રીહરિ મારી દ્રષ્ટિ આગળ રહો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

श्रीहरि महिमाष्टक - वसंततिलकावृतम् शुकानन्द मुनि कृत्
स्वामिन्परात्पर विभो पुरुषोत्तमादय नारायणाक्षरनिवास कृपानिधान ।
श्रीकृष्णनिर्गुण सदीश्वर दिव्यमूर्ति हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥१॥
देवाधिदेव परमेश्वर वासुदेव योगेश्वरनियामक शास्त्रयौने ।
भूमंस्तपः प्रिय महापुरुषाक्षरात्मन् हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥२॥
एकान्तधर्मधर सेश्वरसांख्ययोग मार्गप्रवर्तक ऋषीश्वरवृंदजुष्ट ।
भक्तेप्सितप्रदवराभयपाणिपद्प हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥३॥
सर्वेश्वरेश हृषिकेशपते परात्मन् सत्संगलभ्यपथयोगदसुप्रवृत्ते ।
एकन्तिकप्रिय भवांबुधिपारदायिन् हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥४॥
श्रीमन्नवीनजलदासितसुंदरास्य सत्पुंडरीकनयनप्रथितप्रताप ।
नैकावतारपरिरक्षितसाघुवृंद हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥५॥
नैकांडनायकनिषेवितपादपदम् कल्याणकारीगुणवृंदविभूषणाढ्य ।
सूक्ष्मोज्ज्वलांबरविधारणशोभितांग हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥६॥
धर्मान्ववायनिहितस्वकदेशिकत्व निष्कामभक्तपरमप्रिय नैष्ठिकेन्द्र ।
ब्रह्मण्यदेव सकलाश्रितसौख्यकारिन् हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥७॥
अज्ञानसंतमसनाशनबोधभाव कामादिशत्रुगणभीतिदनामधेय ।
पाखंडखंडदलन प्रणतात्मबोध हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥८।
हे भक्तिधर्मसुत हे हरिकृष्ण नाथ हे नीलकंठ कलितारण पूर्णकाम ।
सौम्यस्वभाव शरणागतवत्सलात्मन् हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥९॥
स्वीयेतितेजसिपरेक्षरसंज्ञके च धाम्न्यक्षरात्मनिलये निजपार्षदाग्यैः ।
प्रेम्णा निषेव्यचरणाब्जशुकेन चात्र हे श्रीहरे मम भवान् द्दशिगोचरोऽस्तु ॥१०॥

શ્રીહરિ મહિમાષ્ટક વસન્તતિલકાવૃત્તમ્ શુકમુનિકૃત

ભગવાન શ્રી સ્વામિનારાયણના લહિયા અને સદા સાથે રહેનારા શુકાનન્દમુનિ જેમને શુકમુનિના નામથી પણ સૌ જાણે છે. તે પોતાના ઈષ્ટ પ્રભુનો ક્યારેય વિયોગ ન થાય અને સદા પોતાની દષ્ટિ સમક્ષ જ તેમનું સ્વરૂપ રહે, દર્શન આપે તેવી ભાવવિહવળ શ્રદ્ધાથી આ સ્તુતિ પ્રાર્થના અષ્ટકની રચના તેમણે કરી છે જે ખરેખર તેનું ગાન કરનારાના હૃદયમાંથી ક્યારેય ભગવાન દૂર થતાં નથી.

**સ્વામિન્યરાત્પર વિભો પુરૂષોત્તમાદ્ય નારાયણાક્ષરનિવાસ કૃપાનિધાન શ્રીકૃષ્ણનિર્ગુણ સદીશ્વર દિવ્યમૂર્તે હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોડસ્તુ ॥૧॥**

અક્ષર પર્યન્ત સર્વજીવના નિયન્તા સ્વામી છે. જેમના કોઈ નિયન્તા કે સ્વામી નથી. સર્વથી પર અક્ષરથી પણ પર અર્થાત તે પણ જેમને જાણી શકતાં નથી . સર્વમાં અન્તર્યામી શક્તિએ કરીને વ્યાપક પણે રહેલાં છો. સર્વપુરૂષોમાં ઉત્તમ પુરૂષોત્તમ છો. સર્વના કારણ આદિ પુરૂષ છો.સર્વના આશ્રય સ્થાન છો. પોતાના અક્ષરધામમાં નિત્ય નિવાસ કરીને રહો છો. જીવો ઉપર કૃપા કરવામાં સાગર સમાન છો. સર્વને પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરીને ધારણ કરી રહ્યા છો. તમારામાં કોઈ માયિક ગુણ નથી પણ સર્વ કલ્યાણ કારી ગુણોથી વિભૂષિત છો. સદા સત્ય છો. સર્વના નિયમક છો. સદા દ્વિભૂજ દિવ્ય સાકાર મૂર્તિ છો. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૧)

**દેવાધિદેવ પરમેશ્વર વાસુદેવ યોગેશ્વરનિયામક શાસ્ત્રયોને ! ભૂમંસ્તપપ્રિય મહાપુરૂષાક્ષરાત્મન્ હે શ્રીહરે મમ ભવાન દશિગોચરોડસ્તુ ॥૨॥**

દેવલોકમાં વસતા દેવતાઓના પણ જે અધિપતિ સ્વામી નિયંતા છે . અને બ્રહ્માંડાધિપતિ ઈશ્વરોના પણ અધિપતિ નિયન્તા છે. સમગ્ર વિશ્વમાં પોતાની અન્તર્યામી શક્તિએ કરીને સર્વત્ર વ્યાપક છે. યોગની સાધના કરનારા માટે સદા ધ્યેય મૂર્તિ ઈશ્વર નિયન્તા છે. સ્વયં અક્ષરના આત્મા અન્તર્યામી રહીને નિયમન કરનારા છે.જેમના સ્વરૂપને જાણવા માટે વેદાદિક સત્શાસ્ત્રો અને નિગમ આગમ જે પુરાણ અને સ્મૃતિઓનું મૂળ તત્વ અને કારણ છે. જ્યારે પૃથવી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે તેમને તપ પ્રિય છે અને સ્વયં તપ કરીને ભક્તોને તપ

પરાયણ કરે છે. પુરૂષોમાં મહાન એવા પુરૂષોત્તમ છે. અને અક્ષરના પણ આત્મા છે જેનું શરીર અક્ષર છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૨)

**એકાન્તધર્મધર સેશ્વરસાખ્યયોગ માર્ગપ્રવર્તકઃ ઋષીશ્વરવૃન્દજુષ્ટાં ભક્તપ્સિતપ્રદવરાજયપાણિપાપ હે શ્રીહરે મમ ભવાન્ દંશિગોચરોડસ્તુ ॥૩॥**

ભાગવત ધર્મ જેને એકાન્તિક ધર્મ કહે છે જે ચાર ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યે યુક્ત છે તેવા ધર્મના પોષક અને ધારક છે. નિર્બિજ સાંખ્ય અને યોગનો મત ખોટો કરીને સબીજ સાંખ્ય અને યોગ શાસ્ત્રના મતને કહે છે. અસંખ્ય ઋષિમુનિઓ અર્થાત પાંચસો પરમહંસોના સમૂહથી જે સદા પૂજાયેલ છે સેવાયેલ છે. પોતાના એકાન્તિક ભક્તોના સર્વ મનની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. જીવ ઈશ્વર માયા અને બ્રહ્મ પર્યન્ત સૌને વરણીય છે સંબંધ બાંધવા યોગ્ય છે. પોતાના શરણે આવેલાં જીવમાત્રને સદા નિર્ભય કરીને પોતાના ડાબા હાથે કરીને અભયદાન આપે છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૩)

**સર્વેશ્વરેશ હૃષિકેશપતે પરાત્મન્**
**સત્સંગલભ્યપથયોગદસુપ્રવૃત્તે । એકાન્તિકપ્રિય**
**ભવાંબુધિપારદાયિન્ હે શ્રીહરે મમ ભવાન**
**દંશિગોચરોડસ્તુ ॥૪॥**

અનન્તકોટી બ્રહ્માંડોના ઈશ્વરોના પણ ઈશ્વર છે. વિશ્વના નિયમકોના પણ નિયામક છે. સર્વ ચેતન માત્રના પતિ સ્વામી નિયામક છે. જીવ પ્રાણી માત્રની ઈન્દ્રિઓના નિયન્તા છે અન્તઃકરણમાં પ્રવેશ કરીને નિયામન કરે છે. પરથી પણ જે અક્ષરબ્રહ્મ તેના પણ પર છે અને તેના આત્મા છે. તે પરમેશ્વરને સત્પુરૂષો સત્શાસ્ત્રો અને સદ્ધર્મના આચરણથી જ મેળવી શકાય છે. તેવા માર્ગને ભૂલા પડેલાને સંસારસાગરમાં દુઃખ કષ્ટને ભોગવતા જીવને આત્યન્તિક મોક્ષનો માર્ગ બતાવે છે. એકાન્તિક ભક્તોને પ્રિય છે અથવા પોતાના એકાન્તિક ભક્તો જેમને પ્રિય છે. પોતાના શરણે આવેલા સર્વને ભવસાગરથી તત્કાળ પાર ઉતારનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૪)

**શ્રીમન્નવીનજલદસિતસુન્દરાસ્ય**
**સપુંડરીકનયનપ્રથિતપ્રતાપ ।**
**નૈકાવતારપરિરક્ષિતસાધુવંદ હે શ્રીહરે મમ ભવાન**
**દંશિગોચરોડસ્તુ ॥૫॥**

જે શ્રીહરિનું મુખકમળ અષાઢ માસના નવીન ઘટાટોપ જળ ભરેલા મેઘ વાદળાઓના જેવું શ્યામ સુન્દર શોભે છે. સરોવરમાં સદા તાજા રહેતાં કમળની પાંખડી જેવા વિશાળ નેત્રોની શોભા પ્રભાવ પ્રતાપ સર્વત્ર પ્રસિદ્ધ છે. દેવો મનુષ્યો અને ત્રષિમુનિઓને જ્યારે પણ જરૂર પડે ત્યારે ત્યારે અવતાર ધારણ કરીને તે સર્વ ભક્તોનું સાધુજનોનું રક્ષણ કરે છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૫)

**નૈકાંડનાયકનિષેવિતપાદપદ્મ**
**કલ્યાણકારીગુણવૃન્દવિભૂષણામઢ્ય ।**
**સૂક્ષ્મજ્જવલાંબરવિધારણશોભિતાંગ હે શ્રીહરે મમ**
**ભવાન્ દંશિગોચરોડસ્તુ ॥૬॥**

અનન્તકોટી બ્રહ્માંડોના અધિપતિઓ શાસકો જેમના ચરણ કમળનું સદા સર્વદા નિત્ય સેવન કરે છે. જેમના સ્વરૂપમાં સદા અસંખ્ય કલ્યાકારી ગુણોના સમુદાયથી સુશોભિત છે અલંકૃત છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૬)

**ધર્માન્તવાયનિહિતસ્વકદેશિત્વ નિષ્કામભક્તપરમપ્રિય નૈષ્ઠિકેન્દ્ર । બ્રહ્મયદેવ સકલાશ્રિત સૌખ્યકારિન હે શ્રીહરે મમ ભવાન દંશિગોચરોડસ્તુ ॥૭॥**

ભાગવત ધર્મ જે એકાન્તિક ધર્મના પોષણ અને રક્ષણ માટે જ જેમણે પોતાનામાં જગતના જીવનું ગુરૂપદ ધારણ કરી રાખેલ છે. જગતના પદાર્થોની કામના રહિત નિષ્કામ ભક્ત જેમને પ્રિય છે અથવા એવા ભક્તોને જે પ્રિય છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાવાળામાં અતિ શ્રેષ્ઠ છે. ત્રણ

દેહથી વિલક્ષણ પોતાના આત્માને કરીને જે બ્રહ્મરૂપ થયા છે તેમના દેવ છે. અથવા તેવા ભક્તો જેને પ્રિય છે. પોતાના આશ્રયે આવેલા સર્વને સદા મહાન સુખ આપનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૭)

**અજ્ઞાનસંતમસનાશનબોધભાવ કામાદિશત્રુગણભીતિદનામધેય । પાખણ્ડખંડદલન પ્રણતાત્મબોધ હે શ્રીહરે મમ ભવાન દર્શિગોચરોડસ્તુ ॥૮॥**

જેનો આશ્રય કરવાથી અહં મમત્વ હું અને મારું રૂપ જે અજ્ઞાન રૂપી ગાઢ અંધકારનો નાશ કરે છે. જેમનું નામ સ્મરણ કરવા માત્રથી કામ ક્રોધાદિ અંતઃશત્રુઓનો ભય નાશ પામી જાય છે. જેમના વચનો પાખંડ ધર્મનું ખંડન કરનારા છે. અને આત્મજ્ઞાન આત્મસ્વરૂપનું જ્ઞાન અને તેના અન્તર્યામી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન આપનારા છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૮)

**હે ભક્તિધર્મસુત હે હરિકૃષ્ણ નાથ હે નિલકંઠ કલિતારણ પૂર્મકામ । સૌમ્ય સ્વભાવ શરણાગત વત્સલાત્મન્ હે શ્રીહરે મમ ભવાન દર્શિગોચરોડસ્તુ ॥૯॥**

પૃથ્વી ઉપર માનવ શરીર ધારણ કરેલા હે ભક્તિધર્મના પુત્ર, હે હરિકૃષ્ણ હે નાથ હે નીલકંઠ હે પ્રભુ કલિયુગના દોષથી રક્ષણ કરનારા કલિતારણ. પોતાના ભક્તોને કલિયુગમાં તારનારા છો. સ્વયં પૂર્ણકામ છે અને પોતાના આશ્રિતોને પૂર્ણ કરે છે. જેમનો સ્વભાવ સદા સૌમ્ય અને શાંત સ્વરૂપે રહેલાં છે. પોતાના શરણે આવેલા ઉપર વાત્સલ્યથી તેના ઉપર પ્રેમ રાખનારા છે. શરણાગત જેમને પ્રિય છે. એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૯)

**સ્વીયેતિતેજસિપરેડક્ષરસંજ્ઞકે ચ ધાખ્યક્ષરાત્મનિલયે નિજપાર્ષદાગ્યેઃ । પૃષ્ણા નિષેવ્યચરણાજશુકન ચાત્ર હે શ્રીહરે મમ ભવાન શિગોચરોડસ્તુ ॥૧૦॥**

પોતાના અતિ તેજસ્વી અધોર્ધ્વ પ્રમાણે રહિત એવા અક્ષરધામમાં બિરાજેલાં સર્વેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળની સેવા અને ભક્તિ ઉપાસના પોતાના પ્રિય અગ્રણી ભક્તો અતિ પ્રેમથી કરી રહ્યા છે. તેવી રીતે આ કળિકાળમાં માનવ દેહ ધારી રહેલાં આપના ચરણ કમળની સેવા મને કરવાનો અવસર મળ્યો છે અર્થાત શુકમુનિને કે પછી આ સ્તોત્રનો પઠન મનન કરનાર સૌ ભક્તોને આપો છો એવા હે શ્રીહરિ તમો મને તમારા નિત્ય દર્શન આપીને મારી નજર સામે પ્રત્યક્ષ રહીને દર્શન આપો. (૧૦)

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૪,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૩,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૨,૫૦૦/- | |

**કાયમી અનામત થાળ રૂા. ૫,૦૦૧/-**
**તથા રૂા. ૧૦,૦૦૦/-**
**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૫૦૦/-**

**Mo. : 8238001666**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના ૧૯૭ માં પાટોત્સવ પ્રસંગે તા. ૯-૩-૧૯ :** સવારે આ નરનારાયણદેવના મંદિરમાં ક્યાંય ટાંકણી મુકવાની જગ્યા મળે તો ભાગ્યશાળી, અત્યારે સભામાં ૨૦ ટકા હાજરી હોય તો ભાગ્યશાળી. **કારણ કે અહીં દેવનો મહિમા છે. દર્શનનો મહિમા છે. દેવનું પ્રાધાન્યપણું છે. વ્યક્તિનું પ્રાધાન્યપણું નથી. સૌએ દેવનું પ્રત્યક્ષપણું જોયું છે, અનુભવ્યું છે.** હમણાં લાલજી મહારાજે વાત કરી જે મહારાજના જીવનચરિત્ર ઉપરથી 'શીખ' નામની જે એપિસોડ-ફિલ્મ બનવા જઈ રહી છે તે ખાસ તો શિક્ષાપત્રી, સત્સંગિજીવન આદિક ગ્રંથોના આધારે મહારાજના વચનો ચરિત્રોને પ્રવર્તમાન સમયે તાદામ્ય સાધીને ભાવિ પેઢીને સરળતાથી સમજીને ગ્રહણ કરી શકે તેવો એક પ્રયાસ કર્યો છે. જેની જવાબદારી તો લાલજી મહારાજની જ છે.

આપણા આ સભા મંડપમાં જ કેટલી સભાઓ થઈ. દરરોજ કથા વાર્તા થતી હોય છે. બે સદીથી થાય છે. **મહારાજે કહ્યું કે કથાવાર્તા વિના રૂડા ગુણ આવતા નથી. મહારાજે આગળ કહ્યું કે કેવી કથા ?** કથા તો બહુ થાય છે. ઢગલો થાય છે. ટી.વી. ચેનલની ચાંપ બદલો અને કથા બદલે ! રમૂજ કરું છું. આટલી બધી કથા થતી હોય તો આખું બ્રહ્માંડ સત્સંગી નહીં તો ભગવાનના ભગત થઈ જવું જોઈને ! આપણું નહી પરંતુ જે જેના ઉપાસ્ય અધિષ્ઠાતા હોય તે તેના ભગત થઈ જવા જોઈએ ! નથી થતા. મહારાજે એ ભાર નથી મૂક્યો કે તમે કેટલી વાર અને કેટલા દિવસો કથા સાંભળો છો ? દેવના સાનિધ્યમાં બેસીને મહારાજના થોડા પણ ચરિત્રો, વચનો, આજ્ઞાઓ સાંભળીને શ્રવણ કરીને તેનું મનન ચિંતવન અને નિદિધ્યાસ થાય તો એ ભગવાન સુધી લઈ જાય. સવારે ઉઠીને છાપું ખોલીએ અને તેમાં જે દુનિયામાં ચાલતો બખાડો વાંચવા-સાંભળવા મળે તેને ગ્રામ્ય વાર્તા કહેવાય. ભગવાન સંબંધી જે વાત હોય તેને રામકથા કહેવાય. આ રામકથા જો શ્રવણ કરીને પછી મનન કર્યા વિના ઉભા થઈ જઈએ તો ફરી પાછો પહેલેથી એકડો ઘૂંટવાનો થાય.

**નંદસંતોએ શ્રુતિમાં લખેલું છે. એકવાર દર્શન થયું. મૂર્તિ અંતરમાંથી નીકળતી નથી.** બ્રહ્માનંદ સ્વામી, ભગવાનનું પારખું કરવા ગયા, પારખું કરવું એ પણ મર્દાનગી છે. **મહારાજના દર્શન કર્યા પછી એ ભગવાન બ્રહ્માનંદ સ્વામીની જીંદગીમાંથી ક્યારેય બહાર નીકળ્યા નથી.** મહારાજ મળ્યા પછી બ્રહ્માનંદ સ્વામીને ઘણા રાજાઓએ કહ્યું કે અમારું ચરિત્ર લખો કે, અમારી એકાદ કવિતા બનાવો. સ્વામી કહે, હવે એ વાત ભૂલી જાઓ. **આ મુખેથી દૂધપાક ચાવ્યો છે. હવે કોલસા ન ચવાય.** ઘણા લોકો જાત્રા કરવા જતા હોય છે. જાત્રાનું તો નામ હોય છે. બાકી ફરવા જ જતાં હોય છે. ફરવા જવામાં વાંધો નથી.

પરંતુ જાત્રાના નામે ફરવા ન જવું. બન્ને સાર્થક થાય ત્યાં સુધી પણ વાંધો નથી પરંતુ સૌ જાણો છો તેમ તીર્થમાં દર્શન કર્યા ન કર્યા તુરત જ શું બનાવ્યું ખાવાનું ? ત્યાંથી જ શરૂઆત થાય. ખાવાની ફરિયાદ જ અમારી પાસે વધારે આવતી હોય એટલે ખ્યાલ હોય. મહારાજ કહે, તીર્થમાં પોતાની ગાંઠનું ખરચ કરવું . ન જમો એમ હું નથી કહેતો. તમારા જ પૈસાથી સુવિધા મળતી હોય છે. એટલે ઉપયોગ કરવો. રસ્તામાં કોટા આવે કે જયપુર આવે. સાંજ પડ્યે ખીચડી કઢી મળી રહે એના માટે તમે આપેલા પૈસામાંથી જ ઉતારા બને છે. ઉપયોગ કરીએ. પરંતુ યાત્રાનો હેતુ ન ભૂલાય. હું તો ત્યાં સુધી કહું છું કે **આ સામે સિંહાસનમાં બેઠેલા દેવનું દર્શન સાનિધ્ય મળ્યુંછે. તેનાથી અધિક યાત્રા બીજી કઈ હોય શકે ?**

મહારાજની વાત સાંભળ્યા પછી વિચારવું પડે. મનન કરવાનું, ચિંતવન કરવાનું, વ્યવહાર ધંધામાં જેવું ચિંતવન થાય છે. જમા, ઉધારનું જેવું સતત અને સહજ ચિંતવન રહેતું હોય છે. એવું ચિંતવન જો ભગવાનનું થાય તો ભગવાન લીફ્ટ વિના સામે આવીને ઉભા રહે ! નિદિધ્યાસ - કોઈક દિવસ શબ્દકોશમાં તેનો અર્થ શોધજો. હું મારી પૂજામાં આપણા મંદિરેથી પ્રાપ્ય નાનું વચનામૃત રાખું છું. એક વચનામૃત, એક લીટી વંચાય એટલે તેની યથાર્થ સમજણ માટે તેનું ચિંતવન ચાલું ને ચાલુ રહે. સળંગ પાઠ કરવો જુદી વસ્તુ છે. જેમ મહારાજની ચેષ્ટાના પદો બોલાય છે. વડીલો કરતા હશે. દરેક ભક્તજનોએ નિયમ રાખવો. સ્પીડમાં બોલવાથી યથાર્થ સુખ ન આવે પરંતુ સમજણની સાથે જો ધીમે ધીમે બોલાય તો જેને કોઈ ઉપમા કે વિશેષતા ન આપી શકાય તેવા આ અદ્વિતીય પદો છે. **પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું...... આટલું ઘણું નથી ?** આનાથી આગળ જ કેવી રીતે વધી શકાય ? **અડધી લીટીમાં શાસ્ત્રોનો સાર આવી ગયો.** આટલું સમજાયા પછી જ્યાં ત્યાં દોડવાની જરૂર કેવી રીતે પડે ? તમારા માટે આ વાત નથી. પરંતુ જેઓ પથ્થર એટલા દેવ પૂજે છે અને કાળા-પીળા-ધોળા-લાલ દોરા બાંધે છે અને એવી વીંટીઓ પહેરે છે એના માટેની આ વાત છે. **મહારાજનો સ્વભાવ ક્યારેક જાણવો. જાણ્યા વગર, ઓળખાણ વગર હેત ન થાય. ઓળખાણ થાય, ગુણ દેખાય તો હેત થાય અને હેત થાય તો મહારાજનું વચન કે આજ્ઞા મનાય.**

હું ઘણીવાર કહું છું. **કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય..... આ 'ન ખમાય' શબ્દ બહુ ભારે વજનદાર છે. નંદ સંતોએ આ શબ્દો લખ્યા નથી. લખાઈ ગયા છે. દર્શન કરતા કરતા લખાયા છે.** બ્રહ્માનંદ સ્વામીએ આંખ મીંચી હોય મહારાજ બેરખો મારે એટલે આંખ ખોલતાની સાથે કીર્તનના નવા પદની રચના થઈ જાય ! ખમાય એ દેશી શબ્દ છે. 'ખમાતું નથી હવે' એવું ઘણા બોલે ને - બહુ પીડા થતી હોય ત્યારે આ શબ્દો નીકળે. શબ્દનું વજન જુઓ તો અહોપણાની સીમા ઓળંગી ન શકાય. મહારાજનો સ્વભાવ કેવો છે ? **દયા આણી રે, અતિ આકળા થાય...** તમે છેલ્લે ક્યારે આકળા થયા હતા ? વિચારી જોજો. કોઈ માણસ આકળો થાય એટલે તેની સ્થિતિ કેવી હોય ? શું કરવું - શું ન કરવું ? આઘો પાછો થઈ જાય. આપણું જ વિચારો એટલે ખ્યાલ આવી જાય. આકળા થવું એ વજનદાર શબ્દ આવ્યો અને તેની આગળ પાછું વિશેષણ આવ્યું અતિ **અન્ન, ધન, વસ્ત્ર રે, આપી ને દુઃખ ટાળે,** મહારાજની સ્વાભાવિક ચેષ્ઠા ૧૦ મિનિટમાં બોલી જઈએ તો સ્વભાવ યથાર્થ ઓળખવામાં ન આવે. વાંચવા ખાતર કે પાઠ કરવા ખાતર ન કરીએ પરંતુ શબ્દ જો જીવમાં ઉતારીએ તો એક શબ્દ પૂરતો છે. પૈસા આપીને, ભાડુથી કે ઉધારીકરણ કરીને નહોતું લખાયું. શબ્દો સહજ રીતે નંદસંતોના મુખમાંથી સર્યા છે.

તીર્થ કરવા જવું પડે તો મહાપરાણે જવું. બાકી **અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.** શબ્દો કોના છે? મુક્તાનંદ સ્વામી, રામાનંદ સ્વામીના શિષ્ય મહારાજ કરતા ઉંમરમાં મોટા અને મહારાજ પણ તેઓના પ્રત્યે ગુરુભાવ રાખતા અને સત્સંગીની ''મા'' નું જેઓ બિરુદ પામ્યા છે. આપણે રોજ આરતી પણ ગાઈ નાંખીએ છીએ. વિચાર કરીએ એ જરૂરી છે. **આ શબ્દો બનાવી શકાય કે લખી શકાય તેમ નથી અને જેના માટે આ શબ્દો લખાયા છે એ જ દેવ, એ જ ભગવાનના સાનિધ્યમાં આપણે બેઠા છીએ. ઓછા ભાગ્ય છે આપણા ?** આ ભગવાન અને આ સત્સંગ જાળવી રાખીએ તે જવાબદારી

આપણા બધાની છે. હવે આનંદની વાત એ છે કે આ દેવનો ૨૦૦ મો પાટોત્સવ ટૂંક સમયમાં આવવાનો છે. તૈયારી રાખજો. શેની ? ટેન્શનમાં ન આવશો કે પાછા રૂપિયા માંગશે. **કોઈને યજમાન કરવા નથી અને છતાં બધા યજમાન રહેશે. જેઓએ લાભ લેવો હોય તેઓએ માત્ર અઢી હજાર રૂપિયા ભરવાના. બધાનો આ ઉત્સવ છે, કોઈ એકનો નથી.** જેઓને ભગવાને વધારે સુખી કર્યા હોય, સુખી એટલે આપણે માનીએ છીએ, આપણી વ્યાખ્યા પ્રમાણે બાકી હનુમાનજીનું કદ જેમ વધે એમ પૂંછડું લાંબુ થવાનું. પરંતુ જો વધારે ઈચ્છા અને ભાવ થતો હોય તો પરિવારના અન્ય સભ્ય દીકરા, દીકરીના નામે ૨૫૦૦ ના ગુણાંકમાં વધારે પૈસા ભરી દેવા. **એવો ઉત્સવ થાય કે જેમાં બધા ભાગ લઈ શકે. દરેકને પોતાપણું લાગે. મારે તો એવું કરવું છે કે જેમાં હાર તોરા ન હોય, પત્રિકામાં કોઈનું નામ જ ન હોય ! શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ અને આ તારીખ સિમ્પલ વસ્તુ છે ને ! તમે બધા યજમાન જ છો !** પાછળ અદબ વાળીને ઘણા ક્યારના ઉભા છે. બહેનો પાછળ નીચે તડકામાં બેઠા છે. તેઓનું યોગદાન ઓછું છે ? **પાછળ બેસીને જેઓ માળા ફેરવે છે. ક્યારેય આગળ દેખાતા નથી તેવા ભક્તોના પુણ્યના પ્રતાપે તો આ મંદિરો ચાલે છે અને હવે કાયમ આવી શરૂઆત કરી દો. એકેય યજમાન નહિ, બધા યજમાન. કેમ કે આ દેવ મારા નથી, આપણા છે, શરૂઆત અમારાથી કરજો. આજે જ ચેક જમા કરીને હું કહી દઈશ.**

આ મહા મહોત્સવ માટે હું તો દરેક ગામડામાં જઈશ, ભૂતકાળમાં લગભગ કોઈ બાકી નથી રહ્યું. મારાથી ન પહોંચાય ત્યાં લાલજી મહારાજ જશે અને વિશેષમાં હું જ્યાં જઉં ત્યાં લાલજી મહારાજને પણ લઈ જજો. દરેકને એમ થશે કે આમાં મારું પણ યોગદાન છે. એટલે કોઈનું વજન પણ નહી પડે. આગળ બેઠા છે. તેઓના શ્વાસ થોડા ઢીલા થયા હશે.

**પૈસા ભેગા કરવા માટે ઉત્સવ નથી હોતો. ભગવાન મળ્યા છે તેનો સૌએ ભેગા મળીને આનંદ માણવો તેનું નામ જ ઉત્સવ છે.** પૈસા ભેગા થાય એટલે માથાના દુઃખાવારૂપ એક જવાબદારી બનતી હોય છે. જરૂર ન હોય ત્યારે હું ઘણીવાર ચેક પાછા મોકલું છું. CRPF માટે જરૂર પડી તો જરૂરિયાત કરતા વધારે ચેક આવી ગયા.

**ભગવાન જેવા ભગવાન બેઠા છે એટલે એટલું તો જરૂર રાખવું કે મોળી વાત ક્યારેય કરવી નહી. મોળી વાત થઈ જાય તો ઉપવાસ કરી દેવો.** બીજા ઉત્સવમાં ઉપવાસ આવે, નરનારાયણદેવનો પ્રાગટ્યોત્સવ હોય ત્યારે પણ ઉપવાસ નહિ અને આજે પણ નથી. માટે સૌ ભોજન પ્રસાદ લઈને આનંદ કરો. **કારણ શરીરમાં એટલી ગાંઠ વાળી રાખવી કે ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે શું ન થાય ? થાય છે જ ! સૌ તૈયારી રાખજો. પત્રિકામાં કોઈનું નામ આવશે નહી. નરનારાયણદેવનો આ દરબાર છે. દેવનું સાનિધ્ય છે, દેવની તપની મૂર્તિ છે માટે રૂપિયાની વાતો નથી કરવાની. ભગવાનની વાતો થશે. રૂપિયાનું પ્રાધાન્યપણું નથી, ભગવાનના ચરણોનું પ્રાધાન્યપણું છે એ ભૂલવું નહી. એ વાત ધ્યાનમાં રાખવી.** યુ.કે., કચ્છ, ઉ.ગુ., પંચમહાલ, સાબરકાંઠા, ઝાલાવાડ, દરેક પ્રાંતમાંથી ભક્તો તેમજ સંતો આવ્યા છે, દેવની અમી દૃષ્ટિથી ભેગા બેઠા છીએ અને કાયમ બેસવું. અંતમાં સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરનો ઓફિસ નંબર**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**



# શું આપણે મહારાજના ગમતામાં છીએ ?

- જયંતીભાઈ સોની (અમદાવાદ)

આપણે સૌને મહારાજને રાજી કરીને આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરી લેવું તે જ જીવનનો હેતુ છે. જેણે મહારાજને રાજી કરતા આવડ્યા તેણે પોતાનું કલ્યાણ સાધી લીધું. ભજન-ભક્તિ-વ્રત-ઉપવાસ-ધન ગમે તેટલા કર્યા પણ ભગવાનને રાજી ન કરી શક્યા તો મોક્ષ માર્ગમા મોટી ખામી છે.

આખા વચનામૃતમાં ગઢડા અંત્યનું-૨૫ મું વચનામૃત એક એવું છે જેમાં ઘણા બધા પ્રશ્ન-ઉત્તરો છે. તે પૈકી રાજબાઈએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે જે “હે મહારાજ ક્યા ગુણે કરીને તમે રાજી થાઓ અને ક્યા દોષે કરીને તમે કુરાજી થાઓ ? આનો સીધો અર્થ એ થાય છે કે જો મહારાજ રાજી થાય તો આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ સહેજે થઈ જાય અને જો મહારાજ કુરાજી થાય તો ગમે તેટલા ભજન-ભક્તિ કર્યા હોય છતાં આત્યંતિક કલ્યાણનાં ફાંફા પડી જાય. માટે જેને ભગવાનને રાજી કરતા આવડ્યા તેને તો પોતાનું અંતિમ ધ્યેય એટલે અક્ષરધામની પ્રાપ્તિ કરી લીધી.

હવે મહારાજને શું ગમે છે અને શું નથી ગમતું તે મહારાજે ઉપરોક્ત વચનામૃતમાં કહી દીધું છે. તે પૈકી ઘણા વાણીના દોષ બતાવ્યા છે. વારંવાર પૂછ્યું તે ન ગમે, વચમાં-વચમાં બોલવું તે ન ગમે, હવે શું ગમે છે તે કહે છે. “જે બાઈ માણસ હોય ને તે પોતાનાં અંગ ઢાંકીને લાજ સહિત વર્તે તે ગમે છે. તથા ચાલે ત્યારે નીચે દ્રષ્ટિ રાખે તે ગમે છે. પણ ફાટી દ્રષ્ટિ રાખી ચાલે તે ન ગમે. ઈત્યાદિક ગમવું ના ગમવું તેનું મહારાજે સ્પષ્ટ વચનામૃતમાં જણાવ્યું છે.

લોકમાં પણ વ્યવહાર એવો હોય છે જે આપણને ન ગમે તે વ્યક્તિને આપણે ઘર સુધી બોલાવતા નથી. જ્યારે આપણને ગમે તે વ્યક્તિ ગમે તેવો હોય તો પણ પોતાના ઘરમાં માન સન્માન સાથે રાખીએ છીએ. કારણ તે વ્યક્તિ આપણને ગમે છે.

તેવીજ રીતે અનંતકોટી બ્રહ્માંડોનાં અધિપતિ સર્વ અવતારનાં અવતારી એવા આપણા ઈષ્ટદેવ જેને રાજી રાખવા આપણે દરરોજ પૂજા-અર્ચન-ભજન-ભક્તિ વિગેરે કરીએ છીએ. જો રાજી થઈ જાય તો બેડો પાર એટલે મોક્ષ પાકો થઈ જાય. પણ ભગવાનને જરી કે ગમતું જ ન હોય તેવું કરે તેને ભગવાન ધામમાં લઈ જાય ? મંદિરમાં બેસીને ગમે તેટલા ભજન-ભક્તિ-કીર્તન કરીએ પણ ભગવાનની આજ્ઞાનું પાનલ ન કરીએ તો શું થાય ? પોતાનાં અંગો દેખાય તેવા ભૂંડા વસ્ત્રો પહેરીને ભગવાન સન્મુખ બેસીએ તો ભગવાન રાજી થાય એટલા માટે મહારાજે શિક્ષાપત્રી શ્લોક-૩૮ માં આજ્ઞા કરી છે “જે વસ્ત્ર પહેર્યા થકે પોતાના અંગ દેખાય તેવું ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું.

શિ. શ્લોક-૧૬૧ અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભી સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાનાં વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું.” ઉપરોક્ત મહારાજની આજ્ઞાનો ભંગ કરીને મંદિરમાં ગમે તેટલા ભજન-ભક્તિ કે વ્રત-દાન કરો તે બધા વ્યર્થ છે. ઉઘાડા નાભી-સાથળ અને છાતી જો અન્ય પુરુષ જુવે તો તે વિકારનો હેતુ છે. તેનું જઘન્ય પાપ આવા સ્ત્રી ભક્તોને લાગે છે. મંદિરમાં લાગે તે સર્વ પાપ વજ થાય છે. એટલે તે ક્યારેય પણ ન થાય. ટૂંકમાં સમજી જવાનું કે મંદિરમાં આપણો આવવાનો હેતુ શું છે ? મંદિરએ મંદિર છે. મર્યાદામાં રહેવાનું છે. કોઈ પણ અંગ પ્રદર્શન કરવા માટે નથી. સાવધાન થવું કે મંદિરમાં ફક્ત ને ફક્ત ભગવાનને રાજી કરવા આવીએ છીએ. શુધ્ધ મોક્ષ પ્રાપ્તિનો હેતુ હોય તો ભગવાન તૂર્ત જ રાજી થઈ આપણું કલ્યાણ કરશે.

# "હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી"

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

વચનામૃતમાં શ્રીહરિએ જે કેટલાક કરિશ્મા સભર વચનો નિરૂપ્યાં છે તેમાંનું આ **"હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી"** એ વચનની સમજણ એ ખરેખર અદ્‌ભુત કામ કરે છે. સમજી લો કે આ વચન સ્વયં એક કરિશ્મા છે !

વિશ્વ હવે ગ્લોબલ-વીલેજ બની રહ્યું છે. બલ્કે સમજો કે બની ગયું છે. જીવનની ભાગ દોડ વધી ગઈ છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ટેલીકોમ્યુનિકેશનના વિશ્વ વ્યાપી પ્રસારથી ઘરનાં એક નાનકડા ઓરડામાં અને આપણા સ્માર્ટ ફોનમાં આવીને વસી ગયું છે. લેપટોપ કે મોબાઈલની સ્વીચ ઓન કરો કે "કર લો દુનિયા મુઠ્ઠી મેં"! માઉસને આમથી તેમ ફેરવો અને માહિતીનો ખજાનો ઉપલબ્ધ થઈ જાય છે ! ટી.વી. માધ્યમે તો કમાલ કરી છે. એનાં સારાં પરિણામો કરતાં માઠી અસરો સવિશેષ અને સહજ રીતે અસર કરી જાય છે. મોબાઈલના વંડર-ઉપયોગથી તો નાનું બાળક પણ બાકાત નથી !

ચારેય બાજુ સ્ટ્રેસ ટેન્શન અને ડીપ્રેશનનો જાણે ફુગાવો વધ્યો છે. દેશ જેટલો વધુ વિકસિત તેમ તેમ તેમાં વસતા લોકોના સ્ટ્રેસ ટેન્શન અને ડીપ્રેશન્સ પણ વધારે. અમેરિકામાં મોટા ભાગના પેશન્ટસ ડીપ્રેશનનાં જ ભોગ બનેલાં હોય છે !

માર્કેટ સ્ટ્રેટેજી એવા પ્રકારની બનતી જાય છે કે પૈસો હવે ઝડપથી ફરવા લાગ્યો છે. લોકોની આવક વધી છે. યંગ જનરેશન્સમાં વિચારો અને આચારો અસ્વાભાવિકપણે બદલાઈ રહ્યાં છે, સાથે સાથે તેમના મનનો ભાર પણ વધવા લાગ્યો છે.

જીવન અત્યારે ઝડપથી સરકી રહ્યુંછે. વરસો પહેલાં દિવસો જાણે ધીમે ધીમે પસાર થતાં લાગતા હતા જ્યારે આજે તો દિવસ જાણે દોડવા લાગ્યો છે. અને સાથે સાથે માણસ પણ દોડવા લાગ્યો છે. સવારથી તે રાત સુધી રળવા માટેની રઝળપાટમાં દિવસ આખું શું કર્યું ! એ જોવાની ફુરસદ જ નથી રહેતી.

આવા સંજોગોમાં તન અને મન સ્વસ્થ રાખવું એ સહેલું તો રહ્યું નથી. એટલે છેવટે યોગ કે મેડીટેશન વિ.નો સહારો શોધે છે.

એ તો પરમકૃપાળુ શ્રીહરિએ આપણા સર્વ ઉપર એવી મહેર કરી છે કે વાત ન પૂછો ! સત્સંગી માત્ર માટે વચનામૃત એ માત્ર જ્ઞાન-સભર હરિગ્રંથ જ નથી, પરંતુ સહજ, સ્વસ્થ અને નિરામય જીવન જીવવા માટેનાં અમૃતમય વચનો એમાં નિરૂપ્યાં છે. એ વચનોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ જો રાખીએ તો આપણાં આચાર, વિચાર અને વ્યવહારમાં અદ્‌ભુત પરિવર્તન આવે છે.

"મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી" (ગ.પ્ર.પ્ર.-૨૫) આ એક એવું અદ્‌ભુત અનુસંધાન છે - જેનાં સતત મનન અને નિદિધ્યાસથી જગત વ્યવહારની પ્રવૃત્તિઓમાં ક્યારેય સ્ટ્રેસ વર્તાતો નથી. ઉલટાનું મનની એષણાઓ ને ખોટી આકાંક્ષાઓ ઉપર કાબૂ પ્રાપ્ત થાય છે. આપણી પાસે "જે છે તે ઉત્તમ છે" એવો આત્મવિશ્વાસ વધતો રહે છે.

"હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી" એ માટેનું પ્રથમ પગથિયું આ છે :

"નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ"

આપણા ઈષ્ટદેવ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુનો નિશ્ચય કેવો હોવો જોઈએ તો કહે છે - નિર્વિકલ્પ - જેનાં સ્વરૂપને અને જેની સર્વોપરિતા ને વિષે કોઈ વિકલ્પ ન હોવો જોઈએ. એક અને માત્ર એક એવા શ્રી પુરુષોત્તમ નારાયણ જ મારા ભગવાન છે, એ જ સર્વ

અવતારના અવતારી, સર્વે કારણના કારણ અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનાં કર્તા છે અને એ જ સર્વોત્તમ છે આવો દૃઢ અને અડગ નિશ્ચય જ બધું સરળ બનાવી દે છે.

બીજું પગથિયું : ''સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહિ.'' એ છે ત્યાગી ગૃહી બંને માટે આજ્ઞારૂપ એવી શિક્ષાપત્રી પ્રમાણે જીવન પ્રણાલિ ગોઠવીએ તો પછી સહજ રીતે જ ''સહજ આનંદ'' અને ''સહજાનંદ સ્વરૂપ'' બંનેનું અનુસંધાન જળવાઈ રહે છે !

ત્રીજુ પગથિયું આ રહ્યું, ''સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય છે તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ તો એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે અને નિરુત્થાન પણે અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતન થાય છે. (ગ.પ્ર.પ્ર. ૩૦)

અને સત્સંગમાં ભગવાનની જે વાર્તા થાય છે તેને જાણવા અને માણવા માટે તો સત્સંગ કરવો જ રહ્યો. અને પરમેશ્વર શ્રીહરિ આ બાબતે તો ખૂબ જ સ્પષ્ટ છે : કેમ કે '' વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું. ક્યું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો અને એમ ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. (શિ.-૧૪૪)

આમ આ ત્રણ પગથિયા : (૧) ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પરત્વે નિર્વિકલ્પ અને અતિ ઉત્તમ નિશ્ચય હોવો જોઈએ. (૨) સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો નહિ. (૩) સત્સંગનો ખપ રાખીને અહર્નિશ સત્સંગ કરવો અને જે ભગવાનની વાર્તા થાય તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવું અર્થાત્ ધાર્યા વિચાર્યા કરવી.

આ ત્રણ સૂચનો પ્રમાણે વર્તતા રહીને જીવનની ગતિવિધિ જો ગોઠવીએ તો ''મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી.'' એ પ્રકારની સમજણ, અંતરમાં જરૂર ઉદ્ભવે છે. આ કોઈ લૌકિક ભાવ નથી. શ્રીહરિ પ્રેરિત આ ભાવના છે એટલે એની અસર પણ એવી અદ્ભુત રહે છે કે જીવનના તમામ ક્ષેત્રોમાં સહજ પણે મનની સ્વચ્છતા પ્રાપ્ત થાય છે.

પરંતુ અહીં એક લાલબત્તી પણ શ્રીહરિએ ધરી છે તે પણ ખાસ ધ્યાન રાખવા જેવી છે !

''હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી'' એ સમજણ કેળવીને નિરંતર ભગવાનની ભક્તિ જરૂર કરવાની છે પણ 'તે સમજણને કેફે કરીને છકી પણ જવું નહિ અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ'' બસ આ બંને પરિસ્થિતિથી અવશ્ય બચવાનું છે.

''જ્યારથી મહારાજ મળ્યા છે અને ઓળખાયા છે ત્યારથી મારે હવે પૂર્ણિકામપણું થયું છે'' આવી સમજણ ગમે તેવી વિપરિત પરિસ્થિતિમાં પણ સમભાવ, કેળવવાની શક્તિ પૂરી પાડે છે. આવું કૃતાર્થપણું સમજવાનું છે પરંતુ એવી સમજણના કેફે કરીને છકી જવાનું નથી કે એમાં કાંઈ ઉણપ છે. એમ જાણીને અકૃતાર્થપણાની ભાવના પણ રાખવાની નથી. બંને તરફ નુકશાન છે.

કૃતાર્થપણું શેનું ? તો કૃતાર્થપણું શ્રીહરિના નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચયનું, કૃતાર્થપણું શ્રીહરિની આજ્ઞા પાળવા વિષેનું અને કૃતાર્થપણું શ્રી સહજાનંદ સ્વામીએ પ્રવર્તાવેલા આ અદ્ભુત સત્સંગના પક્ષનું અને ભગવાનની વાર્તા ધાર્યા વિચાર્યા કરવાનું.

આવું કૃતાર્થપણું અંતરમાં કેળવીને ''હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી'' એ સમજણ રૂપી બીજની એવી માવજત કરવાની છે કે જેના થકી જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં શ્રીમદ્ ભગવત્ ગીતામાં દર્શાવેલો સમતાયોગ અનાયાસે જ પ્રાપ્ત થતો રહે.

આવી સમજણ થકી જ એવું સહજાનંદીય સ્વરૂપ અને આઠો પહોર સહજ-આનંદ આપતો આ સત્સંગ ઓળખાય છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ.... નારાયણ ધૂનના બ્રહ્મલોક બુલંદ સ્વરે, એક સાથે કરબધ્ધ તાલીઓના એક નાદ સાથે, પાંચસો પરમહંસોના મુખમાંથી પ્રભુની સ્મૃતિ સહિત નીકળી રહ્યા છે..... અને વાતાવરણ પણ રજોગુણમાંથી સત્વગુણમાં પલટાઈ ગયું છે. બ્રહ્માનંદની આ મસ્તી કોઈ મંદિરમાં નહિ, પણ...... અતિ સમૃદ્ધ એવા હરિભક્તને ત્યાં લગ્ન પ્રસંગના માંડવામાં થઈ રહી છે...... આજ તો એની વિશેષતા છે.

અમદાવાદમાં મોહનલાલ શેઠને ત્યાં લગ્ન પ્રસંગે કાચની હાંડીઓ અને રત્નોથી જડેલા મંડપમાં, તેમણે ભગવાન શ્રીહરિ અને સંતોને ખૂબ જ ભાવપૂર્વક અને વિનમ્રતાપૂર્વક આમંત્રણ આપ્યું તેથી શ્રીહરિ સંત વર્ણી પાર્ષદો સાથે ત્યાં પધાર્યા અને થોડીક વાર પછી આરતીનો સમય થયો ત્યારે ત્યાંથી નિકળવાની ઈચ્છા કરી. પરંતુ શૂરવીર હરિભક્તે શ્રીહરિને મંડપમાં જ આરતી ધૂન કરવા કહ્યું. શિ. શ્લોક-૬૩ પ્રમાણે ત્યાં આરતી ધૂન થઈ. ત્યારબાદ ‘‘છબિલા વાલા છોડો દેવાધિદેવ દોરડો રે, દિસે દોરડીએ દશ ગાંઠ રે....!’’ જેવા વૃતિવિવાહના પદોની રમઝટ બોલી અને મંડપમાં હરિરસની હેલી થઈ. (ભ.ચિ.પ્ર. ૭૬, કડી-૩૯)

સાંખ્યયોગી હોય બાઈ ભાઈ, તેને જાવું નહિ વિવામાંઈ ।<br>
કર્મયોગી જે જાય વિવાય, તે પણ ગીત પ્રભુજીના ગાય ॥<br>
એહ આગન્યા છે જો અમારી, સહુ રહેજો એમ નરનારી ।

ઉપરોક્ત પ્રસંગનું સુંદર વિગતવાર વર્ણન સત્સંગિભૂષણ મહાશાસ્ત્રના ત્રીજા અંશમાં અ-૧૨ અને ૧૩ માં કર્યું છે.

આ પ્રસંગે મોહનલાલ શેઠે શ્રીજીને માંડવામાં પધરાવીને ત્યાં બહુમૂલ્ય પાઘ-વસ્ત્રો અલંકારોથી પૂજા કરી હતી. તે વખતે જે પિછવાઈ શ્રીજીના સિંહાસનની શોભા વધારતી હતી તે આ મહાપ્રસાદીની અમૂલ્ય પિછવાઈ ધર્મવંશી આચાર્યશ્રીની પરંપરામાં સચવાઈ રહેલી તે પૂ. મોટા મહારાજશ્રીએ અતિકૃપા કરીને હરિભક્તોના દર્શનાર્થે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૪ માં પધરાવી છે.

આ પ્રસાદીના દર્શન માત્રથી જ શૂરવીર હરિભક્ત, નિયમધારી સંતો અને ધર્મપ્રધાન વૃત્તિવાળા ગુરુ શિષ્ય ભગવાન-ભક્તનું સહેજે જ સ્મરણ થઈ આવે છે. વહેવારમાં પણ ધર્મપ્રધાન કેમ અને કેવી રીતે રખાય તેનો ઉપદેશ આપણને સહેજે જ તેમાંથી મળે છે.

સૌ હરિભક્તો આ શ્રીજી પ્રસાદિત પિછવાઈના દર્શન કરજ્યો અને વહેવારમાં પણ ધર્મની પ્રધાનતા રાખજ્યો.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી વિષ્ણુયાગ યજ્ઞના યજમાનની યાદી એપ્રિલ-૨૦૧૯

તા. ૧૪-૦૪-૨૦૧૯ ડૉ. નરેન્દ્રભાઈ ભાવસાર - મહેસાણા

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી એપ્રિલ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૪-૦૪-૨૦૧૯ | (સવારે) ગં.સ્વ. કાંતાબા જેઠાલાલ રાઠોડ - વિરમગામ - હ. કનુભાઈ તથા ભરતભાઈ તથા નરેન્દ્રભાઈ - અમદાવાદ |
| | (બપોરે) માવજી શિવજી પિંડોરીયા તથા દેવજી શામજી રાબડીયા (વુલવીચ - લંડન) |
| | (સાંજે) ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શુકલ - નારણપુરા (સીડની - ઓસ્ટ્રેલીયા) - હ. હર્ષ |
| તા. ૧૪-૦૪-૨૦૧૯ | ચૌધરી જયંતિભાઈ મોતીભાઈ - બદપુરા (હાલ યુ.એસ.એ.) |
| તા. ૨૧-૦૪-૨૦૧૯ | ઘનશ્યામભાઈ અમૃતલાલ ભાવસાર - ચિ. મનીષને ઓસ્ટ્રેલીયાના વીઝા મળ્યા તે નિમિત્તે - નવા વાડજ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ એપ્રિલ-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૬૭,૦૦૦/- | હંસાબેન સૂર્યકાન્ત પટેલ - ઉંઝા - પ્રથમ પેન્શન આવેલ તે નિમિત્તે ભેટ |
| રૂા. ૫૧,૫૭૫/- | અરવિંદકુમાર ઈન્દુલાલ મોદી - ચાંદખેડા - શ્રીનરનારાયણદેવની પ્રસન્નાર્થે |
| રૂા. ૨૭,૩૦૦/- | શ્રી પ્રવિણકુમાર કુરજી કેરાઈ - હ. નવદિતા પ્રવિણ કેરાઈ - કેરા કચ્છ-ભુજ |
| રૂા. ૧૯,૫૭૫/- | ડૉ. લાલજી હાલાઈ વાનકુંવર - કેનેડા |
| રૂા. ૧૦,૦૦૦/- | ડૉ. નરેન્દ્રભાઈ ભાવસાર - મહેસાણા |
| રૂા. ૫,૫૫૫/- | ગોહીલ મીનાબા મધુભા - ભરૂચ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. કરશન કાનજી ભગત - હ. જયંતિભાઈ ભાવસાર |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી ભાઈલાલભાઈ કરશનભાઈ - હાલ કેનેડા |
| રૂા. ૫,૦૦૦/- | રમીલાબેન બાબુભાઈ પટેલ - શ્રીજી પ્રસન્નાર્થે - અડાલજ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સંગીત સમારોહ

એક વખત અકબરના દરબારમાં સંગીત સમારોહમાં એક દિપક સમક્ષ તાનસેને કલાક ગાયા બાદ દિપક પ્રગટ થયો...ત્યારબાદ બીજા એક ગાયકનો વારો આવ્યો તેને હજી એક લીટી ગાઈ ત્યાં તો મહેલના બધા દીવા પ્રજવલિત થઈ ગયા. પેલા તાનસેન વાળા દિવાએ કહ્યું અલ્યા આટલી બધી અસર ? તો પેલા દિવાઓએ કહ્યું '' આનું આખું ગીત સાંભળવું તેના કરતા જાતે બળી મરવું સારૂં.......

જીવ માત્રને સંગીતની અલગ અલગ સમજણ અને માપદંડ હોય છે. આપણા ધર્મકુળમાં સંગીતની ઉંડી સૂઝ પરંપરાગત પ્રાપ્ત થયેલ છે. ભલભલા સંગીતજ્ઞો પણ પ.પૂ.મોટા મહારાજશ્રી પાસે નાની નાની હરકત લેતા સાવચેતી રાખતા જણાય છે. આવા સંગીતના અનન્ય ચાહક અને જાણકાર વ્યક્તિત્વ એવા પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ હોય અને તેની ઉજવણીની વાત આવે ત્યારે સંગીતની મહેફીલ સિવાય અન્ય કઈ રીતે ઉજવી શકાય?

બે તબક્કામાં ઉજવાયેલ આ સંગીત સમારોહનો પ્રથમ તબક્કો તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ સાંજે ૯-૦૦ કલાકે યોજાયેલ તેમાં ઝારખંડથી ખાસ આમંત્રિત કરાયેલ કલાકારો કેડિયા બ્રધર્સ દ્વારા સિતાર અને શરોદની જુગલબંધી યોજવામાં આવી હતી. તેમની તબલા પર સંગત કરી હતી પંડિત કાલીનાથ મિશ્રાએ. આ પ્રસંગે ધર્મકુળની સંગીત યાત્રાના સાક્ષી શા.સ્વામી હરિપ્રસાદદાસજી ખાસ  કિલ્લા પારડી થી પધાર્યા હતા . શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કર્યા બાદ ઠારેલા મગસની કેક પ.પૂ.બાપજી દ્વારા સૌને પ્રસાદરૂપે આપવામાં આવી હતી. સમગ્ર સમારોહ દરમ્યાન સંગીતના તાલે ઝૂમતા પૂ. બાપજીના ચરણને નીરખી સંગીતકારો પોતાની કળાની સાચી કદર મેળવ્યાની  હૈયાધારણ મેળવી લેતા હતા.પૂ.લાલજી મહારાજશ્રી પણ ખાસ સંગીત માણવા પધાર્યા હતા.

તા.૨૧-૪-૨૦૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે બીજા તબક્કામાં ગાયિકીની સભામાં સૌ પ્રથમ અમદાવાદના જ કલાકાર શ્રી વિકાસ પરીખે પોતાની ગાયકી દ્વારા શ્રી નરનારાયણદેવના મહિમાના પદો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં. ત્યારબાદ મુંબઈથી પધારેલ સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી એ આપણા નંદ સંતોએ રચેલ અને પ.પૂ. બાપજીના પ્રિય રાગો આધારિત પદોની રચના ગાઈને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સહિત સૌના અંતર મનના દીપ પ્રજવલિત કર્યા હતા.

ચૈત્ર વદ ત્રીજ ને તા.૨૨-૪-૨૦૧૯નાં રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે ખૂબ મોટી સંખ્યામાં સંતો તથા હરિભક્તો પ.પૂ. મોટા મહારાજશ્રીને જન્મોત્સવની શુભેચ્છા પાઠવવા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા પધાર્યા હતા.

-પ્રફુલ ખરસાણી

# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

## મહિમા, તિલક ચાંદલાનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મિત્રો ! તમને ઈતિહાસમાં તો રસ છે ને ? તો આ વાત જરા શાંતિથી વાંચજો.

વાત એમ બની, જ્યારે અમદાવાદમાં પેશ્વાઈ સત્તા ચાલતી હતી. અને ભાઉ સાહેબ અમદાવાદનો સુબો હતો. એણે સ્વામિનારાયણ ભગવાન વિરૂધ્ધ કાવત્રુ કર્યું. ભગવાને તેનું કાવત્રું ખુલ્લું પાડ્યું જેથી પેશ્વા જુદ્ધો પડ્યો અને સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં આવવાનો મનાઈ હુકમ ફરમાવ્યો. સ્વામિનારાયણ ભગવાન અમદાવાદમાંથી ચાલ્યા ગયા.

એ વાતને ચારથી છ મહિનાનો સમય જતો રહ્યો અને વાતાવરણ બદલાયું. એટલે કે અમદાવાદમાં રાજકીય સત્તાનું પરિવર્તન થઈ ગયું. ''એન્ડ્રયુ ડનલોપ'' એ અમદાવાદનો પહેલો કલેકટર નિમાયો. અંગ્રેજ સત્તાનો એ અંગ્રેજ અધિકારી હતો પણ જીવ બહુ ભાવિક અને આસ્તિક ભાવનાવાળો. પહેલો વહેલો એ પોતાના વતનમાંથી અમદાવાદ આવ્યો. અને અમદાવાદની સત્તા સંભાળી. એ જિજ્ઞાસાથી પ્રજા સામે જોયા કરે. એમાં એણે થોડી નવીનતા જોઈ અને આશ્ચર્ય લાગ્યું. લોકોના કપાળ ઉપર જુદાં જુદાં આકાર અને પ્રકારનાં તિલકો જોયાં. સવારના પહોરમાં જુદા જુદા તિલકો જોઈને આ અંગ્રેજ કલેકટરને થયું કે આ બધું શું છે ? એના મનમાં જીજ્ઞાસા જાગી. પણ પૂછવું કોને ? કોઈપણ જગ્યાનો વહીવટ ચલાવવો હોય તો સ્થાનિક પ્રજાના સહકાર સિવાય તો ચાલે નહીં. એટલે કલેકટરે નોકરીમાં થોડાક સ્થાનિક માણસો રાખ્યાં હતાં. એમાં કુબેરસિંહ છડીદાર એમની નોકરીમાં જોડાયા. તેમનું કામ આ કલેકટર સાહેબની સાથે જ રહેવાનું. શહેરની પરિસ્થિતિ કેવી છે ? પૂછે એટલે એને સમજાવવાનું.

એમાં એકવાર કુબેરસિંહને જોઈને પૂછ્યું. એક વાત પૂછું ? મને સમજાતું નથી, હું અમદાવાદમાં આવ્યો છું, મહિનો થઈ ગયો. અલગ અલગ માણસોના કપાળ ઉપર કોઈને પીળો, કોઈને લાલ વગેરે ચિન્હો જોઉં છું. આ બધું શું છે ? અને કુબેરસિંહે સમજાવ્યું કે, આવું તિલક હોય એ અમારા માતાજીના ભગત કહેવાય. આવું બિલકુલ આડું તિલક કરેલું હોય તો એ મહાદેવજીના ભગત કહેવાય. એટલે કલેકટર કહે છે, પણ તમારા કપાળમાં તો કાંઈક જુદું જ ૧૦૧ નો જાણે માર્કો હોય એવું બે લીટી સીધી અને વચ્ચે ગોળ ચાંદલો. એટલે કુબેરસિંહજી કહે છે, આ અમારા સ્વામિનારાયણ ભગવાનનું તિલક છે. કલેકટરે પૂછ્યું, સ્વામિનારાયણ ભગવાન એટલે કોણ ? મને બતાવો, ના, એ તો અમદાવાદ નથી આવતાં. કેમ, અમદાવાદ નહી આવવાનું કાંઈ કારણ ? કુબેરસિંહજી કહે છે, હા, તમારાથી પહેલાના જે સત્તાધીશો હતા એમણે મનાઈ હુકમ ફરમાવેલો છે. કારણ શું ? કારણ કાંઈ નહી, સ્વામિનારાયણ ભગવાન દારૂ, માંસ, હિંસાનો નિષેધ કરતા હતા તે એને ન ગમ્યું. તેથી તેમણે ના પાડી છે.

તો પછી હવે તો સ્વામિનારાયણ ભગવાનને સમાચાર મોકલો, હવે અહીં કોઈ પેશ્વાઈ સત્તા નથી. એમની સત્તા ગઈ એટલે એમનો હુકમ ગયો. હવે તો અંગ્રેજનું રાજ્ય છે. અને સ્વામિનારાયણ ભગવાનને અહીં બોલાવો.

કુબેરસિંહ છડીદાર કહે છે, તમારી વાત સાચી છે. પરંતુ અમે બોલાવીએ એના કરતાં તમે બોલાવો તો સારું. એક સત્તાએ મનાઈ હુકમ કર્યો અને બીજી સત્તા આવી અને મનાઈ હુકમ ઉઠી ગયો છે તો તમે જ બોલાવો. અને એ વખતે કલેકટરે શ્રીજીમહારાજ ઉપર પત્ર લખ્યો. જેમ કુબેરસિંહે સંપ્રદાયની રીત પ્રમાણે લખાવ્યું એ પ્રમાણે તેણે સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર, વંદન, પ્રણામ બધુ લખ્યું. છેલ્લે નીચે આ કલેકટરે સહી કરી.

કેટલાક હરિભક્તો કુબેરસિંહજીને કહેવા માંડ્યા કે આ બધા રાજકીય માણસોનો વિશ્વાસ ન કરવો. બોલે સારૂં મીઠું પણ પણ અંતે એ કોઈના નહીં. અને પેલો સુબો તો વળી જાણીતો હતો અને આ અંગ્રેજ બિલકુલ અજાણ્યો છે. એ ભાષા બોલે છે તો જાણે ડબલામાં કાંકરા ખખડાવતો હોય એવું લાગે છે. અને આપણે એને સમજતા નથી. ઓળખતા નથી. અને શ્રીજીમહારાજને બોલાવીએ ને પછી કાંઈક ગડબડ કરે તો ? કુબેરસિંહજી છડીદાર કહે છે, ના ના એવું નથી. આ માણસ ભાવિક લાગે છે. અને છતાંય આપણે મહારાજને વિનંતી કરવાની છે. આપણા ઈષ્ટદેવ સર્વાન્તર્યામી છે. એ ''તનકી જાણે, મનકી જાણે'' આના ચિત્તમાં જો કપટ હશે તો મહારાજ જાણી લેશે. અને મહારાજને યોગ્ય લાગે એમ કરશે. પણ આ સંદેશો તો ભગવાનને પહોંચાડીએ. તો વળી કોઈએ કુબેરસિંહજીને કહ્યું કે મહારાજની વાત એને શું કામ કરી? એટલે કુબેરસિંહે કહ્યું મેં નથી કરી. એણે મારા તિલક-ચાંદલા સામે જોઈ પૂછ્યું અને પછી વાત જાણીને કહ્યું કે તમારા સ્વામિનારાયણ ભગવાનને બોલાવો. અને વળી એમ પણ કહ્યું છે કે કાંઈ પણ કષ્ટ હોય, મુશ્કેલી હોય તો હું બેઠો છું. મદદ કરીશ.

આ અંગ્રેજ અધિકારી સ્વામિનારાયણ ભગવાનના તિલક અને ચાંદલો જોઈને આકર્ષાયો હતો. કેવી ખૂબીની વાત છે ! અને તિલક-ચાંદલો ન કરતા હોય એણે શરમાવા જેવી વાત છે. તિલક અને ચાંદલાનો બહુ પ્રભાવ છે, બહુ પ્રતાપ છે. સામા માણસને કહેવું ન પડે કે તું સ્વામિનારાયણ ભગવાનનું નામ લે. આપણો તિલક અને ચાંદલો જોઈને એના મનમાં સંકલ્પ થઈ જાય કે આ સ્વામિનારયણ ભગવાનનો ભગત આવ્યો.

શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામીએ તિલક-ચાંદલાનો ખૂબ મહિમા કહ્યો છે. કુબેરસિંહનો તિલક-ચાંદલો જોઈને આ અંગ્રેજ અમલદારને જીજ્ઞાસા થઈ, પ્રશ્ન થયો અને એમાંથી શ્રીહરિને આમંત્રણ અપાયું.

મિત્રો ! કેવી સુંદર વાત છે ! આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં પ્રવેશવાનો મનાઈ હૂકમ કરવામાં આવ્યો હતો એ જ અમદાવાદમાં સ્વામિનારાયણ ભગવાનના સદ્ભાવ સહ આમંત્રણ પાઠવવામાં આવ્યું અને પ્રભુ જયજયકાર સાથે પધાર્યા એ પ્રતાપ તિલક-ચાંદલાનો, માટે ગૌરવથી, ખુમારીથી તિલક-ચાંદલો કરવો. એમાં સહેજ પણ શરમ રાખવી નહી.

●

### શિર સાટે સત્સંગ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભક્ત થાવું ભગવાનનું છે જો કઠણ કામ.....

નિષ્કુળાનંદ સ્વામીના આ શબ્દો ઉપર વિચાર કરીએ તો ખ્યાલ આવે કે ભક્ત થવું તે સરળ નથી. તેના માટે ઘણું ત્યાગ કરવાની જેનામાં તૈયારી હોય તે જ સાચો ભક્ત સંપત્તિ કે સર્વસ્વ જાય તો ભલે પણ સત્સંગ ન જાય તેવી શૂરવીરતા જેનામાં હોય તે સાચો ભક્ત સંપત્તિ કે સર્વસ્વ જાય તો ભલે પણ સત્સંગ ન જાય તેવી શૂરવીરતા જેનામાં હોય તે સાચો સહજાનંદીસિંહ.

આજે આપણે એવા જ સાચા ભક્તની કથા વાંચીશું. મોરબી સ્ટેટમાં ઠાકોરજી રવાજી રાજ કરે. તેમણે તેમના રાજ્યમાં મહાકવિ દેદલચારણની રાજકવિ તરીકે નિમણુંક કરેલી. કવિ દેદલનું કચેરીમાં આગવું સ્થાન હતું. કવિ જ્યારે શૂરવીરતાના રસને ઘૂંટીને તેનું આખ્યાન કરે તો ગમે તેવો બીકણ પણ તરવાર ઉપાડી લે. તેવું બળ તેમની વાણીમાં હતું. તે જ રીતે કરૂણરસ, હાસ્યરસ વગેરેની રજૂઆત કરે તો આખો ડાયરો વાહ....વાહ.... પોકારી ઉઠે તેવી તેમની આગવી છટા હતી.

સમાજની એક આગવી ખાસિયત છે કે જો કોઈનું પણ માન-સન્માન થતું હોય, કોઈની વાહવાહ થતી હોય તો તેનો વિરોધ કરવા વાળું ઈર્ષાળુગૃપ તૈયાર થઈ જ જાય, આવા કેટલાક તત્વો કવિ દેદલની નિંદા, તેનું અપમાન થાય તેનો અવસર શોધવા લાગ્યા. એમાં ભગવાનની ઈચ્છાથી કવિ દેદલને મહાકવિશ્વર બ્રહ્મબોલના પ્રતાપી કવિરાજ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો સમાગમ થયો અને સ્વામીના સત્સંગ અને પ્રભાવથી કવિ દેદલ સત્સંગી બન્યા. ગળામાં તુલસીની બેવડી કંઠી અને લલાટે ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલાથી કવિ દેદલ શોભાયમાન લાગવા લાગ્યા.

કવિ દેદલના આ પરિવર્તન પછી વિરોધીઓને જાણે મોકો મળ્યો. તેઓ છાનામાના ઠાકોર રવાજી પાસે પહોંચી ગયા. મહારાજાની જય હો, બાપુની જય હો.... બાપુ તમને એક વાત કહેવા આવ્યા છીએ. હવે તો હદ થઈ ગઈ છે... બાપુ સવિસ્મય કહેવા લાગ્યા. શું તકલીફ પડી? વાત શું છે ? બાપુ ! આપણા કવિ બહુ સારા છે, તેમનામાં ઘણા ગુણો છે પણ સંકોચ સાથે કહેવું પડે છે કે તેમણે બહુ મોટી ભૂલ કરી છે.

બાપુ કહે, વાતમાં શું માલ છે ? કવિ દેદલ તો બહુ વિચક્ષણ અને સમજું છે તેમનાથી ભૂલ થાય તો નહી પણ જો ભૂલ કરી હશે તો આપણે સમજાવીશું તો સુધારી લેશે. બોલો, શું ભૂલ છે તેમની ? અરે બાપુ ! આપણો તો વૈષ્ણવધર્મ છે અને આપણા ધર્મ ઉપર કવિને તિરસ્કાર થયો છે. અને રાજધર્મને અવગણીને તેમણે સ્વામિનારાયણની કંઠી બંધાવી છે ને મોટા ચાંદલો ચોડીને ફરે છે. રાજના આશરે રહેવું અને રાજધર્મની અવગણના. એ તો કેમ ચાલે ?

કાચા કાનના બાપુને આ વિરોધીઓની વાતો ગળે ઉતરવા લાગી. તેનો અનુભવ થતાં આ વિરોધીઓ કહે, આપણે કાલે જ વાત. કાલે કચેરીમાં કવિ આવે ત્યારે તમે કંઠી તોડી નાંખવાનું કહેજો. જો તમારી વાત માનીને કવિ કંઠી તોડી નાંખે તો સમજવું કે કવિને આપણા ધર્મ ઉપર તિરસ્કાર નથી. પણ જો ન માને તો એમાં તો રાજાનું અપમાન ગણાય.

તમે કદાચ ઉદારતાથી આ ક્ષમ્ય ગણી જો કવિને સજા નહી કરો તો પછી રાજ્યના બીજા આગેવાનો, નગરજનો બધા સત્સંગી થશે તો પછી રાજધર્મનું શું થશે ? આટલી ભંભેરણી તો બાપુ માટે ઘણી થઈ ગઈ. તેમણે તો બીજા દિવસ માટેની બધી તૈયારી કરી લીધી.

બીજા દિવસની સવાર પડી છે. સહુ દરબારીઓ કચેરીમાં હાજર થયા છે. કવિશ્રી પણ એમના આસને બેઠા છે. સમય થતાં જ્યાં કવિ કવિતા બોલવા ઉભા થયા ને ત્યાં જ રવાજી ઠાકોર બોલી ઉઠ્યા. કવિરાજ ! હમણાંથી આ ધર્મપરિવર્તન કેમ કર્યું છે ? બાપુના આવા સીધાં પ્રશ્નથી કવિ વિસ્મય તો પામ્યા પરંતુ વિચક્ષણ બુધ્ધિવાળા કવિરાજે જવાબ આપ્યો. બાપુ ! ધર્મ તો આપણો એક જ છે. આપણો વેદ ધર્મ, હિન્દુધર્મ, માનવધર્મ, તેમાં તો પરિવર્તન થાય કેમ ! પણ આપણા ધર્મના જતન માટે, સાચા વૈષ્ણવ બની રહેવા માટે આ કળિકાળમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. અને તેમનો આશ્રય કરી લાખો જીવો સાચા અર્થમાં વૈષ્ણવ બન્યા છે. મેં પણ એ જ રસ્તો સ્વીકાર્યો છે. સ્વામિનારયણ ભગવાન અને એમના સંતોના પ્રતાપે આજે ઠેર ઠેર સત્તયુગ જણાય છે. ‘‘આદર સૌનો, આશરો એકનો’’ એવી વિશિષ્ટ વિચારધારા વાળો આ સંપ્રદાય છે.

આટલું સાંભળી બાપુ કહે - જો તમે વૈષ્ણવ સંપ્રદાય પર તિરસ્કાર ન રાખતા હોય તો તમારી કંઠી તોડી નાંખો. કવિ દેદલે તો સહજાનંદી સિંહની ત્રાડ પાડી - ‘‘ના એ શક્ય નહી બને બાપુ.’’ આ વચનો સાંભળી રવાજી બાપુ કહે - તો પછી આજથી તમારો અને મારો નાતો પુરો થાય છે. મોરબી રાજ્ય છોડીને ચાલ્યા જવાનો મારો હુકમ છે.

કવિ દેદલ હસતા મુખે કહેવા લાગ્યા - બાપુ ! સદ્‌ગુણ અને સજ્જનોના નાતા કોઈ દિ’ પુરા થતા નથી. છતાં જેવી તમારી ઈચ્છા. મેં તમને અદ્યાપિ ધર્મના માટે ધનનો, મિલ્કતનો, રાજ્યનો, કુટુંબનો અરે જીવનો પણ ત્યાગ કરનાર અનેક ભક્તવિરોની ગાથાઓ સંભળાવી છે. તેની સામે મારે તો ફક્ત મોરબી જ છોડવાનું છે. તે તો બહુ સામાન્ય છે. હું તેનું પાલન કરવા અત્યારે જ ચાલી નીકળું છું. કવિ દેદલે ગામ છોડ્યું, હોદ્દો છોડ્યો પછી માળીયા આવીને વસ્યા. પ્રભુની કૃપા તો જુઓ. માળીયાના ઠાકોર મોડજીએ કવિને આદર સહિત પોતાના દરબારમાં સ્થાન આપી વર્ષાસન બાંધી આપ્યા. પહેલાંથી પણ વધુ સુખ કવિરાજ પામ્યા.

મિત્રો ! કેવી વિચારવા જેવી આ વાત છે. કવિ દેદલે મોરબી રાજ્યના માન-પાન, કીર્તિ, મોભો જવા દીધું પણ કંઠી અને તિલક-ચાંદલો શિર સાટે રાખ્યા. આપણે એ વાતનું ધ્યાન રાખવું જ જોઈએ કે જો આપણને કંઠી, તિલક-ચાંદલો રાખતા શરમ આવતી હોય તો આપણે ક્યાં ને આવા ભક્તો ક્યાં ! ભક્ત થવું કઠણ છે પણ જે થાય તેના પર ભગવાનની કૃપાનો વરસાદ પણ એવો જ વરસે છે. માટે સત્સંગ શિર સાટે કરવો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) ''આત્મા'' અનુભવગમ્ય છે**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે કહીએ છીએ ને કે હળવું થઈને રહેવાનું અંતરમાં ભાર નહિ રાખવાનો. તો તેના વિપ્રે કારિયાણીના ચોથા વચનામૃતમાં મહારાજે સમજાવ્યું છે કે **દેહને વિષે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલુ છે?** તો બુધ્ધિ છે તે આ દેહને વિષે નખથી શિખાપર્યંત વ્યાપીને રહી છે. તે શરીરની દરેક ક્રિયાને જાણે છે અને તે બુધ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે તે જીવના જાણપણાને કહેવે કરીને બુધ્ધિનું જાણપણું કહેવાણું અને તે જીવને વિષે સાક્ષી રહ્યા છે. **('સાક્ષી' એટલે ભગવાન)** માટે સાક્ષીના જાણપણાને કહેવે કહીને જીવનું જાણપણું કહેવાણું. માટે આપણી અંદર ગમે તેટલા સૂક્ષ્મ વિચારો આવે છે તે પણ સાક્ષીને ખબર છે. અને તે બધું જીવને પણ ખબર છે.

તો દેહની અંદર ઈન્દ્રિયોની કાર્ય કરવાની શક્તિ, બુધ્ધિની વિચારવાની શક્તિ એના કારણે **'જીવ'** અને **'બુધ્ધિ'** જણાય છે. તો દેહમાં જે **'જીવ'** વ્યાપીને રહ્યો છે તે જણાતો નથી. પણ **'બુદ્ધિ'** જણાય છે અને જીવને જાણવો હોય તો જીવ કઈ રીતે જણાય છે ? તો જેમ અગ્નિની જ્વાળા વધે છે. ઘટે છે અને આકાશમાં વાદળા ચાલતા હોય તેવું દેખાય છે. તેનો પ્રેરક **'વાયુ'** છે. તે વાયુ દેખાતો નથી. પરંતુ ખબર પડે છે કે વાયુ છે .માટે અગ્નિની જવાળા વધે છે ઘટે છે. અને વાદળા ચાલતા હોય તેવું દેખાય છે. તેમ ઈન્દ્રિયોની કાર્ય કરવાની શક્તિ અને બુધ્ધિની વિચારવાની શક્તિ પરથી જીવની હાજરી જણાય છે.

મહારાજે પ્રથમ પ્રકરણના ૭૮ માં વચનામૃતમાં **'અન્વયપણું'** અને **'વ્યતિરેકપણુ'** એમ જીવના બે લક્ષણ બતાવ્યા છે. ''જ્યારે દેહને વિષે સુખ દુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખદુઃખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે. અને જ્યારે ત્રણે દેહના સુખ દુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે.'' **'આત્મા'** જીવમાં છે પણ દેખાતો નથી. જેવી રીતે ક્ષારવાળુ પાણી છે તે ખારુ છે એ દેખાતું નથી. તેમ દેહમાં આત્મા છે પણ દેખાતો નથી. પાણીને વરાળ નીકળે તેમ ખૂબ ઉકાળવામાં આવે છે. ત્યારે ક્ષાર છૂટો પડી જાય છે. પછી તે દેખાય છે. તેમ આપણે તપ કરીને જ્યારે વાસનારૂપી **'પાણી'** બાળી નાખીએ ત્યારે આપણને આપણો **'આત્મા'** અનુભવમાં આવે છે. આ રીતે જે વ્યક્તિ શરીર અને આત્માનો **'ભેદ'** જાણી શકે તે વ્યક્તિને **'આત્મનિષ્ઠ'** કહેવાય. ખરેખર આપણે પોતે **'આત્મા'** છીએ અને આપણને કાંઈ થતું નથી જે થાય છે તે દેહને થાય છે.

ગમે તેટલું જાણી લઈએ ગમે તેટલા પુસ્તકો લખી નાખીએ પરંતુ જ્યાં સુધી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી કલ્યાણ થતું નથી. જાણવાનું બે પ્રકારે છે. એક તો આપણને કોઈ કહી દે કે આ રૂમ છે. રૂમની અંદર ટેબલ છે. એટલે આપણે જાણી લીધું. પરંતુ જ્યાં સુધી જાતે રૂમ ખોલીને જોઈ ના લઈએ ત્યાં સુધી ટેબલ કેવું છે તે ખબર પડતી નથી. તેમ ભગવાન છે અને આપણે ભક્ત છીએ. પરંતુ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એ પોતે જાણવું પડે પોતે અભ્યાસ કરીશું તો બહુ ફેર પડશે. ખ્યાલ આવશે. વચનામૃત જેટલી વાર વાંચીશું ને એટલી વાર

નવું ને નવું લાગશે. જેટલો બુદ્ધિનો ઉપયોગ કરીએ ને એટલી વધે છે. પોતે વાંચશો તો વધારે અંતરમાં ઉતરશે જે ક્યારેય ભૂલાશે નહિ. માટે રોજ અભ્યાસ કરવાનુ ચાલું રાખજો.

કોઈને પૂછીએ **સાકર ખાધી છે ? કેવી છે ?** તો કહેશે ગળી છે. પણ હકીકતમાં કેટલી ગળી છે તે બરાબર જાણવા માટે જાતે ખાવી પડે. તેમ બંધનમાંથી મુક્ત થવા થોડો પ્રયત્ન જાતે પણ કરવો પડે. આપણે પોતે **'ચેતન'** છીએ. આ દેહમાં આત્મસ્વરૂપે છીએ અને તેનું કાર્ય છે માત્ર સાક્ષી તરીકે જોવાનું જાણવાનું અને તે દેહના બધા અંદરના અને ઈન્દ્રિયોના કાર્યોથી તેમજ સુખ દુઃખની અનુભૂતિથી **'અનાસક્ત'** છીએ. ધારો કે બે વ્યક્તિ ઝઘડે છે. અને ત્રીજી વ્યક્તિ માત્ર જુએ છે. **તો જોનારાને કાંઈ અસર થાય છે ?** જે વ્યક્તિ બોલે છે એના પોતાના ઉપર અસર થાય છે અને જે વ્યક્તિને બોલે છે, તે વ્યક્તિને પણ અસર થાય છે. પરંતુ **જે વ્યક્તિ જુએ છે એને કાંઈ અસર થતી નથી.** એ રીતે આત્મા જે સાક્ષીરૂપે જુએ છે તેને કાંઈ ભોગવવું પડતું નથી. સુખ દુઃખની જે અનુભૂતિ થાય છે તે અહંકારને થાય છે. આપણે કહીએ છીએ ને મારો **'અહમ્'** દુભાયો અથવા મને દુઃખ થયું. તો આપણો આત્મા છે તે સનાતન સત્ય છે. તેને કાંઈ અસર થતી નથી. અને જે શરીર કાર્ય કરતું દેખાય છે તે આત્માની હાજરીથી કરે છે. અને પરિવર્તનશીલ છે. તો જે પરિવર્તનશીલ હોય તે ક્યારેય સનાતન સત્ય ના હોઈ શકે, તો તેવી રીતે સત્યને જાણવું પડે. તો **સત્ય એટલે શું ? તો જે 'સત્ય' છે તે એ છે કે કોઈપણ વસ્તુને જેવી છે તે સ્વરુપમાં સમજવી તેને 'સત્ય' કહેવાય.**

આપણને ઈન્દ્રિયો જે દેખાડે છે તે જ આપણે સાચું માની લઈએ છીએ અને તેનાથી આગળ વધી શકતા નથી. પરંતુ ઈન્દ્રિયો જે દેખાડે છે તે **'સંપૂર્ણ સાચું હોતું નથી. સિમિત સત્ય હોય છે.** દા.ત. માટીનું વાસણ જોવાથી તે ગ્લાસ છે તે આપણને આકાર જોવાથી દેખાય છે તેથી તે જ બોલવાના છીએ અને ગ્લાસ સમજવામાં પણ વાંધો નથી. પણ હકીકતમાં તે માટી છે. **સ્વરૂપ દ્દષ્ટિમાં** ગ્લાસ છે. પણ તેનું **'સ્વયંભુ રુપ'** માટી છે તેને **અધ્યારોપણ દ્દષ્ટિ** કહેવાય છે. માટી એ સાક્ષી તરીકે છે. દા.ત. માટીમાંથી ગ્લાસ બનાવવાની પ્રક્રિયા ચાલતી હતી. ગ્લાસમાં માટી એ સાક્ષીરૂપે છે એને ગ્લાસ બનતા જોયો અને પછી ગ્લાસ તુટી ગયો તે પણ જોયું તો તેનો આકાર બદલાયો ગ્લાસમાથી માટી થઈ ગઈ પણ એમાં **માટીને કાંઈ ફેર પડ્યો ?** એવી રીતે આપણા શરીરમાં આત્મા છે તે સનાતન સત્ય છે. સાક્ષી તરીકે છે. તેને કાંઈ ફેર પડતો નથી. જીવ એક યોનિમાંથી બીજી યોનિમાં જાય છે તેને જુએ છે. જાણે છે એને કાંઈ ભોગવવું પડતું નથી. ભોગવટો માત્ર અહંકારને છે. અંહકાર એટલે હું પણું, કર્તાપણું, ખોટી માન્યતા એ જ છોડવાનું છે. એ છોડી દઈએ તો આપોઆપ મોક્ષ થઈ જાય છે. આત્મા તો મોક્ષ સ્વરૂપ જ છે. તો આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ દેહ અને ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ કાર્યો થાય છે તેને માત્ર જોઈએ જાણીએ તો આ ને આ દેહે **'મોક્ષ'** વર્તાય એવું છે. જીવનમાં એકદમ હળવું ફુલ રહેવાશે. ગમે તેટલા કાર્યો કરવા છતા અંતરમાં બોજો નહિ રહે.

●

**"હું ટળ્યે હરિ ઢૂંકડા"**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

પરમાત્માએ માનવી સિવાય કોઈને બુધ્ધિનું અમૂલ્ય દાન આપ્યું નથી. પરમાત્માનો આ માનવી ઉપર મહાન ઉપકાર છે. માનવી તેને મળેલ બુદ્ધિ રૂપી દાનનો કેવી રીતે ઉપયોગ કરે છે તે પરમાત્મા અખંડ જુએ છે. પરમાત્મા એ સાર અસારના વિવેક યુક્ત બુધ્ધિ માનવીને આપી છે. આ બુધ્ધિનો ઉપયોગ સમજણ પૂર્વક કરવો જોઈએ. તો પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. નહીંતર પરમાત્મા નારાજ થાય છે. પરમાત્મામાં શ્રધ્ધા રાખનાર આસ્તિક

માનવીઓ આલોકમાં ભૌતિક રીતે ખૂબજ સુખી હોવા છતાં પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના હેતુથી પરમાત્માના દાસ થઈને જ રહે છે. અને સદાય નિર્માનીપણે જ જીવન જીવે છે. તેમનામાં કદી પોતાના તન, મન, ધન, વૈભવનું અભિમાન આવતું જ નથી. પોતાનું સમગ્ર જીવન અખંડ પરમાત્માની આજ્ઞા પ્રમાણે જ હોય છે. આલોક અને પરલોકમાં શાશ્વતસુખ અને શાંતિ માટે પરમાત્માની અખંડ પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ મુખ્ય જીવન ધ્યેય હોવો જોઈએ. પરમાત્માને શું નથી ગમતું તેનો અખંડ ખટકો રાખી જે ન ગમતું હોય તે કદી પણ જાણ્યે અજાણ્યે થાય નહી તેની સાવધાની રાખવી. જીવનમાં પરમાત્મા જ મારા સ્વામી છે. અને હું તેમનો દાસ-સેવક છું એવીજ ભાવના રાખવી.

પરમાત્માની આજ્ઞા વિરૂધ્ધ કર્મ કરે તો પરમાત્મા નારાજ થાય છે. કેમ કે તે પાપ કર્મ છે. પરમાત્માની આજ્ઞા પ્રમાણે કર્મ કરે તો પરમાત્મા રાજી થાય છે. કેમ કે તે પુણ્ય કર્મ છે. પાપ કર્મ જ માનવીને પરમાત્માથી દૂર લઈ જાય છે. દરેક પાપ કર્મનું મૂળ અભિમાન છે. દરેક માનવીએ હમેંશાં પરમાત્માને રાજી કરવાં ''હું - પદ'' એટલે કે કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરવો જોઈએ. 'હું - પદ''નો એટલે કે અભિમાનનો ત્યાગ કરીને નિર્માનીપણે પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું. ''હું-પદ'' સારાસારનો વિવેક વિસરાવે છે. દરેક વ્યક્તિમાં સ્વમાન અને આત્મા ગૌરવ હોય છે. પરંતુ જ્યારે તે મર્યાદા ઓળંગે છે. ત્યારે તેને મિથ્યાભિમાન આવે છે. મિથ્યા અભિમાનથી માનવીની પ્રગતિ રૂંધાઈ જાય છે. સ્વજનો પણ પરાયા બની જાય છે. સૌને આવી વ્યક્તિ પ્રત્યે નફરત થાય છે. રાવણ, કંસ, જરાસંઘ વગેરે સમર્થ હતા છતાંય તેમનું પતન થયું. તેનું મુખ્ય કારણ મિથ્યા-અભિમાન હતું. સુખી થવું હોય તેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કરવો જોઈએ.

અહંકાર અને અભિમાન, દેહાત્મબુદ્ધિના કારણે જન્મે છે. હું-પણાની ભાવનાથી તેમને પોષણ મળે છે. દરેક વ્યક્તિને કાંઈક ને કાંઈક ધન, સત્તા, સંપત્તિ, કે વિદ્યાનું અભિમાન હોય છે. સત્તા કે સંપત્તિ શાશ્વત રહેતા નથી. એવી સમજણ આવે તો અભિમાન ટળી જાય છે. મિથ્યાભિમાન કેવળ સંસારીઓમાં જ હોય છે એવું નથી. સંન્યાસીઓને પણ છોડતું નથી. સંસારીઓને ભૌતિક ચીજ-વસ્તુઓનો અહમ હોય છે. ત્યાગીઓને ત્યાગ, વૈરાગ્ય અને ભક્તિનો અહમ્ હોય છે. જે આવા પ્રકારના મદથી મુક્ત થઈ શકે તેજ પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બની શકે છે. મિથ્યાભિમાન ટાળે નહિ ત્યાં સુધી ભગવાન મળતા નથી. જો અભિમાન કરવું જ હોય તો ''હું આત્મા છું અને ભગવાનનો ભક્ત છું.'' એવું અભિમાન કરવું. તે સિવાયનું અભિમાન મોક્ષ માર્ગમાં બંધનકારી છે. ત્યાગ અને સત્કાર્યનું અભિમાન પણ ઈશ્વર દર્શનમાં અંતરાયરૂપ બને છે. આ અંગેનો એક રસપ્રદ પ્રસંગ છે.

એક વખત શિવજી અન પાર્વતીજી એક સ્મશાનગૃહ પાસેથી પસાર થઈ રહ્યા હતા. સ્મશાનગૃહમાં એક સંન્યાસી ખીચડી પકાવી રહ્યો હતો. તેને માત્ર કૌપીન પહેર્યું હતું. અને આખા શરીરે ભસ્મ લગાવી હતી. ધોમધખતા તાપમાં તે ધૂણી ધખાવીને બેઠો હતો. તેનું તપ અને ત્યાગ જોઈને પાર્વતીજીને તેના પ્રત્યે અહોભાવ જાગ્યો. અનુકંપા થઈ. એટલે ભોળાનાથને દેવી કહેવા લાગ્યા કે, ''પ્રભુ ! જુઓને આ સંન્યાસી તમને મેળવવા કેટલી ઉગ્ર સાધના કરે છે. છતાં હજુ સુધી આપ તેના પર કેમ કૃપા કરતા નથી. તેને દર્શન આપી કૃતાર્થ કરો તો સારૂં''. પાર્વતીજીનો સંન્યાસી પ્રત્યેનો અહોભાવ જોઈ ભગવાન સદાશીવ મંદ સ્મિત કરતા કહેવા લાગ્યા કે, ''દેવી, તમે બહુ ભોળા છો. મારી કૃપાનું પાત્ર થાય તેટલી યોગ્યતા હજુ આ સંન્યાસીમાં આવી નથી. તેને ત્યાગનો મદ છે. જ્યારે તેનો મદ ઉતરશે ત્યારે હું કૃપા કરીશ. શિવજીની વાત મા ભવાનીને ગળે ઉતરી નહિ.

તેથી તેણે તે સંન્યાસીની કસોટી કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પછી શિવ-પાર્વતી બન્નેએ ભિક્ષુકનો વેશ ધારણ કર્યો. અને સંન્યાસી પાસે જઈ અન્નની યાચના કરી. સંન્યાસી પાસે ખીચડી સિવાય બીજું કંઈજ નહતું. તેથી તેણે તુરંત ચડતી ખીચડીની તપેલી ઉતારી ભિક્ષુક વેષમાં રહેલા શિવજીને આપી દીધી. ત્યારે શિવજી કહે, ''મહારાજ'' ! તમે પણ ભૂખ્યા હશો.'' માટે અડધી ખીચડી આપો. અને અડધી પાછી લઈ લ્યો અને જમો. તે સાંભળીને સંન્યાસીના અંતરમાં છૂપાયેલી અહંવૃત્તિ ઉછળી તે કહેવા લાગ્યો કે ''મને ઓળખો છો ? હું કોઈ સામાન્ય સાધુ-બાવો નથી. બાણું લાખ માળવાનો ત્યાગ કરનાર ભર્તૃહરિ છું. મેં રાજ્યનો ત્યાગ કરી દીધો. પછી આ ખીચડી છોડવી તેમાં શું? હું ત્રણ દિવસથી જમ્યો નથી. છતાં મારે હવે ખીચડી પાછી ન લેવાય.'' સંન્યાસીમાં ત્યાગનું અભિમાન ઉભરાતું હતું. તેની વાણી વર્તન જોઈને પાર્વતીજીને પ્રતીતિ થઈ ગઈ કે ભોળાનાથ સાવ ભોળા નથી. સંન્યાસી હજુ કૃપાને લાયક થયો નથી. આમ વિચારી શિવ-પાર્વતી ત્યાંથી ચાલતા થયા. **દાસના દુશ્મન હરિ કદી હોય નહી, જેમ કરશે તેમ સુખ થાશે.** જેના પક્ષમાં જગતનો નાથ, તેના પક્ષમાં સમગ્ર જગત રહેલું છે. ભક્ત કવિ નરસિંહ મહેતાની કવિતાના શબ્દો છે. જે **"હું કરૂં, હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે."** હું પદ ધરાવતા ને સાર-અસારનો વિસરાવે છે. ખરેખર તો આત્મશ્લાધા આત્મા વિનાશને જ નોતરે છે.

ત્યાગ વૈરાગ્યનું અભિમાન ઘણું સૂક્ષ્મ હોય છે. તે ભગવાન મેળવવામાં વિધ્નરૂપ થાય છે. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન મેળવવામાં ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી. જેની સમજણ મોટી તે મોટો. સંસારનો ત્યાગ કરી વર્ણ અને આશ્રમનું માન લઈને ફરનારમાં સાધુતા આવતી નથી. ગૃહસ્થ હોય કે ત્યાગી જ્યાં સુધી મિથ્યાભિમાન છુટે નહિ ત્યાં સુધી તેને ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. **હું પણું ટળે ત્યારે જ હરિ ઢૂંકડા આવે છે.** છતાંય અહંકાર છુટતો નથી. અને ટળતો નથી. બહુ વિચિત્ર છે અહંકાર, અહં એટલે હું. તમે ''હું'' લખો છો એ કેટલો વાંકો ચૂકો છે ? ને વિચિત્ર છે ? અને હિન્દીમાં તો વાત જવા દો, નીચે લાંબું પૂંછડું કરે માથે ટોપો પહેરે ને વળી મીંડું કરીને બેસે. કાળિયા કોશી નામનું પક્ષી હોય છે. કાબરથી નાનું અને ચકલીથી મોટું. એ કોઈ દિવસ નીચે બેસે જ નહિ. કાંઈ નહિ તો છેલ્લે ઢેફા ઉપર બેસે, પથ્થર ઉપર બેસે પણ નીચે કોઈ દિવસ ન બેસે. સપાટ ભૂમિ ઉપર કોઈ દિવસ બેસે જ નહિ. મરી જાય ત્યારે બેસે. એમ અહંકાર છે તે એવો છે. એ હું હું હું કર્યા જ કરે. કબૂતરો ઘું, ઘું, ઘું કરે, ઉંદર ચૂં ચૂં ચૂં કરે, ચકલી ચીં, ચીં, ચીં કરે, કોયલ કુ, કુ, કુ કરે, ભમરા ગું ગું ગું કરે. એક માનવીજ હું, હું, હું બોલે છે. મિથ્યાભિમાનથી, હું હું હું કરવાથી જીવનમાં અધઃપતન થાય છે. આલોક અને પરલોક બન્ને બગડે છે. તેથી મુમુક્ષુઓએ હું પણું - મિથ્યાભિમાનનો ત્યાગ કરવો જોઈએ.

માટે આપણે સૌ આપણું વ્યક્તિગત જીવન સદા મંગલકારી સદા સુખશાંતિમય અને પરમ સંતોષવાળુ બનાવવું હોય તો પરમાત્માથી વિમુખ કરે એવા હું પદ અને અભિમાન વાળા સ્વભાવનો હમેંશ ને માટે ત્યાગ કરવો. હું ટળ્યે હરિ ઢૂંકડા.......

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘરે આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો.'' - શિક્ષાપત્રી શ્લોક નંબર જણાવશો.

**પ્ર. ૨** ભગવાનને વિષે પ્રીતિ હોય તેનું લક્ષણ શું છે ?

**પ્ર. ૩** ''દુઃખી ગરીબની ગમ લેવી, દગે દીઠા છે, હરિની સહજ પ્રકૃતિ એવી દગે દીઠા છે, કે ને પ્રસાદી આપતો, દગે દીઠા છે, દર્શન દઈ દુઃખ કાપતાં, દગે દીઠા છે.'' ઉપર જણાવેલ ચોપાઈમાં શ્રીજી મહારાજના સહજ સ્વભાવન પ્રકૃતિનું વર્ણન સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ક્યાં ગ્રંથમાં ક્યા ચોપાઈના ક્રમમાં વર્ણન કર્યું છે તે જણાવશો.

**પ્ર. ૪** કલિયુગ લગભગ પૂરો થવા આવશે ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભગવાન વિષ્ણુ, સત્વગુણથી અવતારણ ધારણ કરશે જે ''કલ્કી અવતાર'' કહેવાશે. એ ભગવાન ક્યા ગામમાં અને કોને ત્યાં પ્રકટ થશે ?

**પ્ર. ૫** ''કામણગારાં કરુણા સહિત, સુધા રસના ભર્યા રે લોલ, કમળ સરીખા ચંચળ નેણ, જોઈ નેણાં ઠર્યા રે લોલ'' - કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

**પ્ર. ૬** યતિ કોને કહેવાય ?

**પ્ર. ૭** ''આ આશ્રિત જનકે સુખકારી, સ્વામિનારાયણ ભવ ભયહારી...'' સ.ગુ. મંજુકેશાનંદ સ્વામીની આ બાવન અક્ષરરી રચનાને પૂર્ણ કરશો.

## એપ્રિલ-૨૦૧૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ગ.પ્ર. ૭૦. **(૨)** ત્રીસ લક્ષણે જુક્ત એવા સંતનો સંગ મન કર્મ વચને કરીને રાખે તો તેમાં સર્વે સાધન આવે છે. **(૩)** ગંગાતટ પર-૫૫, યમુના તટે-૭૮, અશ્વમેઘ યજ્ઞો કર્યા. **(૪)** ''કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે.'' **(૫)** ''ભૂવિ ભારતજીવ શર્મણે નરનારાયણદેવ પાહિ મામ્.'' **(૬)** શ્લોક-૧૫૬. **(૭)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧ પટેલ વિનોદભાઈ (વહેલાલ)
૨ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૪ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫ મેનાબેન ડાહ્યાલાલ (વિસલપુર)
૬ સંદીપ રાજેશભાઈ (કલોલ)
૭ સોની હરિભાઈ ગિરધરલાલ (શાહીબાગ)
૮ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૯ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૧૦ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૧ ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)
૧૨ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૩ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૪ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૧૫ સાં.યો. બહેનો સ્વામિ. મંદિર જુનું (મોરબી)
૧૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૭ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૧૮ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ)
૧૯ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૨૦ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉઝા)
૨૧ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૨૨ પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા)
૨૩ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૨૪ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૨૫ શારદાબેન એચ. (વાવોલ)
૨૬ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૭ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૮ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૯ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૩૦ પીપળીયા કિશન (નારણપુરા)
૩૧ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૩૨ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૩૩ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૩૪ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૩૫ પટેલ સંગીતા મનોજકુમાર (અંબાપુર)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં શ્રીહરિપ્રાકટ્યોત્સવ રામનવમી સમૈયો ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ દિન ચૈત્ર સુદ-૯ ને રવિવારના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન અક્ષરભુવનમાં વિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો. જેના યજમાન પ.ભ. પ્રવેશભાઈ સોની પરિવારે (માંડલવાળા) અલૌકિક લાભ જીવન કૃતાર્થ કર્યું.

બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનના પ્રાકટ્યોત્સવની આરતી ખૂબજ ધામધૂમ પૂર્વક થઈ હતી. સમૈયાના દર્શને હજારો હરિભક્તો શહેર અને ગામોગામથી પધાર્યા હતા.

રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ સુધી મંદિરના વિશાળ પ્રસાદીના ચોકમાં સુંદર શોભાયમાન સમિયાણામાં આપણા સંપ્રદાયના સુપ્રસિધ્ધ ગાયક શ્રી જયેશભાઈ સોની દ્વારા નંદસંતો રચિત કીર્તન ભક્તિ અને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ રાત્રે ૧૦-૧૦ આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાકટ્યોત્સવની આરતી ખૂબજ ધામધૂમથી થઈ હતી. હજારો હરિભક્તોએ પ્રાકટ્યોત્સવના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. સમૈયાના સુંદર આયોજનમાં કોઠારી જે.કે. સ્વામી, ભંડારી જે.પી. સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળ અને યુવક મંડળ અને હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. સૌને પંજાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. (કોઠારી શા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા શ્રી નરનારાયણદેવ જયંતી-રામનવમી શ્રી હનુમાન જયંતી ધામધૂમથી ઉજવાયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે તા. ૨૧-૩-૧૯ ના રોજ શ્રી નરનારાયણદેવ જયંતી નિમિત્તે શ્રી ઘનશ્યામ ઓચ્છવ મંડળ દ્વારા ભવ્ય ઓચ્છવ ઉજવાયો. બપોરે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવની આરતી થઈ હતી. મહંત સ્વામીએ સૌ હરિભક્તોને ગુલાલની પાખંડીઓ અને અબીલ ગુલાલ અને કેસૂડાના સુંદર રંગથી સૌને રંગ્યા હતા. છેલ્લે ખજૂર ધાણીનો પ્રસાદ વહેંચાયો હતો. જેના યજમાનનો લાભ શ્રી ઘનશ્યામ ઓચ્છવ મંડળે લીધો હતો.

શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

ચૈત્ર સુદ-૯ ને રવિવારના રોજ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતીના શુભ દિને બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજી ભગવાનની જન્મોત્સવની આરતી થઈ હતી.

રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ ઓચ્છવ મંડળ દ્વારા છેલ્લે આરતીની ઉછવણીમાં મહેસાણાના અ.નિ. નર્મદાબેન શંકરલાલ મોદી હ. હસમુખભાઈ મોદી, પાર્થ અને જય આદિ પરિવારે યજમાન બની ઠાકોરજીને પારણે ઝુલાવવાનો પણ લ્હાવો લીધો હતો. રાત્રે ૧૦-૧૦ કલાકે સર્વોપરી શ્રીહરિના પ્રાકટ્યોત્સવની આરતી થઈ હતી. જેમાં હજારો ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવતી હતી. ચૈત્ર સુદ-૧૫ના શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન-અભિષેક અને અન્નકૂટ આરતી ધામધૂમથી થઈ હતી. જેના યજમાન પોપટભાઈ ઈશ્વરભાઈ પટેલ અને પ્રસાદના યજમાન મુકેશભાઈ ફુલચંદ મોદી પરિવાર રહ્યા હતા. (પાર્થરાજ -મહેસાણા)

**અમદાવાદ થી છપૈયાધામ પદયાત્રા**

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બાવળા મંદિરના સંત-હરિભક્તોએ તા. ૧૮-૨-૧૯ થી તા. ૨૮-૩-૧૯ દરમ્યાન અમદાવાદ કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના દર્શન કરી છપૈયાધામના દર્શનાર્થે પદયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં સ્વામી પરોપકારદાસજી (પેથાપુર), સ્વામી સંશયવિમોચનદાસજી (બાવળા), ઋષિ સ્વામી (મૂળી) અને નારાયણ સ્વામી આ સંતો સાથે ૨૦ હરિભક્તો પણ જોડાયા હતા. સર્વોપરી છપૈયાધીશ બાલસ્વરૂપઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી પદયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ હતી. (ભક્તિ સ્વામી)

**ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ જયંતી-સમૂહ મહાપૂજા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમજ કાલુપુર મંદિરના સ.ગુ. ભંડારી સ્વામી જે.પી. સ્વામીના આશીર્વાદ સહ પ્રેરણાથી ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને સુંદર સમૂહ મહાપૂજા વિપ્ર શ્રી પ્રિયવ્રત ભાઈએ કરાવી હતી, ઘણા ભાઈ-બહેનોએ સજોડે બેસી મહાપૂજાનો લાભ લીધો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રીરામ જન્મોત્સવ આરતી અને રાત્રે ૧૦-

૧૦ શ્રીહરિ જન્મોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. ગામના તમામ હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોઠારીશ્રી અને ગામના હરિભક્તોએ સુંદર આયોજન કર્યું હતું. (ઉર્મિક પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ૧૦૭ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ તાબાના માંડલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૭ મો પાટોત્સવ તા. ૧૦-૪-૧૯ થી તા. ૧૫-૪-૧૯ દરમ્યાન ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગે રાત્રીય કથાનું સુંદર આયોજન સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે થયું હતું.

કથા અંતર્ગત ચૈત્ર સુદ-૯ ના રોજ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ખૂબજ ધામધૂમથી ઊજવાયો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામજન્મોત્સવની આરતી થઈ હતી. આ પ્રસંગે આયોજીત સમૂહ મહાપૂજામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૧૫-૪-૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પૂજા વિધિ-અભિષેક કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ મહાદેવજી મંદિરના પટાંગણમાં (પરાવાસ) સભામાં પધાર્યા હતા.

પાટોત્સવના યજમાન પ.ભ. ડૉ. સવજીભાઈ પટેલ, ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. લાભુભાઈ પટેલ (માંડલ) આદિ પરિવારે ધર્મકુળનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભાઈઓ-બહેનોના બન્ને મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. છેલ્લે સૌ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સર્વે ભક્તોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલીમાં શ્રી હનુમાન ચાલીસા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી તેમજ અંજલી મંદિરના મહંત વી.પી. સ્વામીના આયોજનથી તા. ૧૫-૪-૧૯ થી તા. ૧૯-૪-૧૯ શ્રી હનુમાન જયંતીના ઉપલક્ષમાં સંત તુલસીદાસજી કૃત શ્રી હનુમાન ચાલીસાની પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી જેતલપુરધામ)ના વક્તાપદે સંગીતના મધુર સૂર સાથે હજારો ધર્મપ્રેમી-કથા પ્રેમીઓને કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

આ કથાના યજમાનપદે ડૉ. હર્ષદભાઈ ચુનીલાલ ભગત તથા ડૉ. ઉષાબેન હર્ષદભાઈ ભગત, સ્નેહ ભગત, પ્રીતિબેન, કાયના અને પુષ્પાબેન ગીરીશભાઈ ભગત (રાબડીયાવાળા) પરિવાર રહ્યાં હતાં.

કથા અંતર્ગત શ્રી હનુમાન જન્મોત્સવ, શ્રીરામ જન્મોત્સવ ભવ્યતાથી ઉજવાયા હતા. મારૂતિયજ્ઞનું પણ આયોજન થયું હતું.

તા. ૧૮-૪-૧૯ ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૯-૪-૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે યજ્ઞનો પ્રારંભ અને કથાની પૂર્ણાહુતિ થઈ હતી. સભામાં યજમાન પરિવાર દ્વારા ધર્મકુળ પૂજન થયું હતું.

પ.પૂ. મહારાજશ્રીએ યજમાનોનું સન્માન કરી સ્મૃતિરૂપ ભેટ આપી હતી. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (શા. ભક્તિનંદન સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી ૩૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી, મહંત શ્રી કે.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલીનો ૩૨ મો પાટોત્સવ તા. ૨૩-૩-૧૯ ના રોજ ધામધૂમથી ઉજવાયો. જેમાં ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ, આરતી અને મહાપૂજા જેતલપુરના પૂ. શા. પી.પી. સ્વામી, પૂ. શ્યામ સ્વામી અને શા. ભક્તિ સ્વામી આદિ સંતોના વરદ્ હસ્તે થયા હતા. સંતોએ કથાવાર્તા કરી યજમાન પરિવાર અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(ઘનશ્યામ આર. ઠક્કર)

**બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહનુમાનજી જયંતી**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાના બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રસાદીના શ્રી હનુમાનજી મહારાજ બિરાજમાન છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી હનુમાનજી મંદિરનું સુંદર જીર્ણોધ્ધાર કરવામાં આવેલ છે. આ શ્રી હનુમાનજીના દર્શન કરો એટલે સારંગપુરના શ્રી હનુમાનજીના દર્શનની પ્રતિતી સૌને થાય છે. ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતીના બાલાસિનોર મંદિરમાં સવારના ૮-૦૦ થી ૪-૦૦ સુધી મારૂતિયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હનુમાનજી દાદાને ભવ્ય અન્નકૂટ ધરાવી આરતી ઉતારવામાં આવી હતી. કાલુપુર મંદિરના કેશવચરણ સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ શ્રી હનુમાનજીનું મહિમા મહાત્મ્ય સમજાવ્યું હતું. સુંદર કાંડના પાઠ કરીને સૌને પ્રસાદ જમાડવામાં આવેલ.

(કોઠારીશ્રી બાલાસિનોર)

**પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિર થી અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૦-૪-૧૯ ના રોજ પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરીને શાસ્ત્રી સ્વામી પરોપકારદાસજી અને પૂજારી ઘનશ્યામ સ્વામી સાથે

૭૦ જેટલા હરિભક્તો અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પદયાત્રા કરીને તા. ૨૧-૪-૧૯ ના રોજ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સૌ ખૂબજ ધન્ય બન્યા હતા. (શા. સ્વા. ધર્મપ્રવર્તકદાસ - મહંતશ્રી પેથાપુર)

**શ્રી નરનારાયણ વરિષ્ઠ નાગરિક (સિનીયર સીટીઝન) ગાંધીનગર (સે-૨) મંદિર દ્વારા આયોજીત સર્વોપરી છપૈયાધામમાં કથા**

સર્વોપરી સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી શ્રી નરનારાયણ વરિષ્ઠ નાગરિક (સિનીયર સીટીઝન) સેકટર-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા અને પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ (કુડાસણ)ના મુખ્ય યજમાન પદે તથા પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ (સાબરમતી)ના સહ યજમાન પદે સર્વોપરી છપૈયાધામ ખાતે તા. ૨૩-૪-૧૯ થી તા. ૨૭-૪-૧૯ દરમ્યાન શ્રી ઘનશ્યામ બાલચરિત્ર મહાગ્રંથની પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ. આ પ્રસંગે ગાંધીનગરથી મહંત શ્રી શા. પી.પી. સ્વામી, વડનગર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, તેમના શિષ્ય શા. સ્વા. ધર્મવિહારીદાસજી, છપૈયાધામના મહંત સ્વામી સ.ગુ. બ્ર. સ્વા. વાસુદેવાનંદજી આદિ સંતોએ સભામાં રોજ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. સમગ્ર કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. ૪૦૦ ઉપરાંત ગાંધીનગર અમદાવાદ આદિથી પધારેલા હરિભક્તોએ અલૌકિક ધામમાં કથા શ્રવણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (કોઠારી શા. નારાયણમુનિદાસજી)

**પાલડી-કાંકજ શ્રી સ્વામિનારાયણ મંદિર ૧૩ મો વાર્ષિક પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર, પાલડી કાંકજમાં ૧૩ માં વાર્ષિક પાટોત્સવનું ખૂબજ સુંદર આયોજન થયેલ. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા સહ આશીર્વાદથી તેમજ જેતલપુરધામ મંદિરના સ.ગુ. મહંત પૂ. શા. આત્મપ્રકાશદાસજી સ્વામી એવં સ.ગુ. પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે પાલડી કાંકજ ગામના તમામ લોકોના સાથ સહકારથી તા. ૨૭ એપ્રિલ-૨૦૧૯ ના રોજ પાટોત્સવ ઉજવાયો. આ ઉત્સવમાં જેતલપુર મંદિરના મહંત પૂ. કૃષ્ણપ્રકાશદાસજી સ્વામી, પૂ. ભક્તિવલ્લભદાસજી સ્વામી, પૂ. ધર્મનંદનદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં પવિત્ર ભૂદેવો દ્વારા ષોડશોપચારથી ભગવાનની મહાપૂજા, અભિષેક, અન્નકૂટ, આરતી વગેરે કરવામાં આવેલ અંતે સંતોના રૂડા આશીર્વાદ-સત્સંગ સભાનો તમામ લોકોએ લાભ લીધો અને પ્રસાદ પણ લીધો.

આ પાટોત્સવમાં પ.ભ. જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ પરિવારે યજમાનપદ સ્વીકારી પોતાની ધન્યતા અનુભવી. સમગ્ર ઉત્સવ ભક્તિભાવ પૂર્ણ વાતારણમાં ઉજવાયો હતો.

(કોઠારીશ્રી - પાલડી-કાંકજ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટીંબા ૫ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી પરમ કૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૨-૩-૧૯ ના રોજ ટીંબા શ્રી સ્વામિનારાયણ મંદિરના ૫ માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ આરતી વિધિવત રીતે થયા હતા. ત્યારબાદ સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. સત્સંગ સાગર સ્વામીએ કથા-વાર્તાનો લાભ આપેલ. ધામોધામથી સંતો પધાર્યા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (તા. હળવદ) પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા પૂ. સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ તાબાના રણજીતગઢ શ્રીહરિકૃષ્ણધામ ખાતે ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતી નિમિત્તે યજ્ઞ તથા ૨ કલાક મહામંત્ર ધૂન કરી હતી. અત્રે મંદિરનો ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. સંતોએ કથા વાર્તા, ધૂન, કીર્તન આદિ કરી હરિભક્તોને રાજી કર્યા હતા. ઠાકોરજીને અભિષેક-અન્નકૂટ આદિ કર્યા હતા. સૌને છેલ્લે પ્રસાદ જમાડી રાજી કર્યા હતા.

(પ્રતિ. અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર એલન ટાઉન (અમેરિકા) શ્રીહરિ પ્રાકટ્યોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે સેવા પૂજા કરતા સ્વામી ધર્મકિશોરદાસના માર્ગદર્શનથી આપણા હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ એલનટાઉન ખાતે ચૈત્ર સુદ-૯ ને રવિવારના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ અને શ્રીરામ જન્મોત્સવ આદિ ધામધૂમપૂર્વક ઉજવાયા હતા. બપોરે ૧૨-૦૦ શ્રીરામ જન્મોત્સવ આરતી કરવામાં આવી હતી. સ્વામીએ સર્વોપરિ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની બાલચરિત્રની સુંદર કથા સંભળાવી હતી. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ભગવાનની પણ અદ્ભુત કથા કરી હતી. ઠાકોરજી સમક્ષ ધૂન, ભજન, કીર્તન કરી રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી. (પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ફાગણ સુદ-૩ | મહેન્દ્રભાઈ પૂંજાભાઈ પટેલ (ફ્રૂટ મઠ્ઠો-બુંદી) (શ્રી નરનારાયણદેવ પાટોત્સવના યજમાનશ્રી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૪ | ચૌહાણ ધવલ અશોકભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૪ | પટેલ પ્રતિકભાઈ રમેશભાઈ (ચુરમાના લાડુ) | પોર |
| ફાગણ સુદ-૪ | પટેલ મનસુખભાઈ કેશવભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૪ | અ.નિ. રવજીભાઈ મોહનભાઈ પટેલ (અડદીયો) | અમદાવાદ |
| ફાગણ સુદ-૯ | અ.નિ. વેલબાઈ વાલજી અ.નિ. વાલભાઈ વાલજી કેરાઈ (મોહનથાળ) | કેરા-કચ્છ |
| ફાગણ સુદ-૯ | અમરતાજી દેહરાજી (મોહનથાળ) | વાલી-રાજ. |
| ફાગણ સુદ-૧૦ | અનિ. દેસાઈ સુરેન્દ્રભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૦ | મિરાણી દર્પણ રઘુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૦ | અ.નિ. કાનજીભાઈ પરબત હિરાણી (મોહનથાળ) | ફોટડી-કચ્છ |
| ફાગણ સુદ-૧૦ | ધાનાણી વિમળાબેન (મોહનથાળ) | ભાવનગર |
| ફાગણ સુદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર (કાજુબદામ મૈસુબ) | |
| ફાગણ સુદ-૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર (મગસ) | |
| ફાગણ સુદ-૧૪ | હિરાણી જયંતીલાલ શીવજી (મોહનથાળ) | ફોટડી-કચ્છ |
| ફાગણ સુદ-૧૪ | એકાદશી મંડળ ખેડા (મૈસુબ) | |
| ફાગણ સુદ-૧૫/૧ | રવજી કરશન હિરાણી (બુંદી) | કેરા-કચ્છ |
| ફાગણ સુદ-૧૫/૧ | અ.નિ. મંગળાબેન ઠક્કર (ગુલાબજાંબુ) | અમદાવાદ |
| ફાગણ વદ-૨ | કાનજી મૂળજી હાલાઈ (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| ફાગણ વદ-૨ | અ.નિ. પ્રકાશભાઈ મોહનભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | પટેલ હાર્દિકભાઈ રમેશભાઈ (દૂધપાક માલપુવા) | મોટેરા |
| ફાગણ વદ-૪ | મોદી જયેન્દ્રભાઈ મહેન્દ્રલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | પટેલ સુભદ્રાબેન અંબાલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | પટેલ નિલેશભાઈ જગદીશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૫ | અ.નિ. મનજી ખીમજી વાઘજીયાણી (મોહનથાળ) | સુખપર-કચ્છ |
| ફાગણ વદ-૫ | તુલસીબેન પટેલ (બુંદી) | ઈસ્ટ લંડન |
| ફાગણ વદ-૬ | વેકરીયા ધનજી રામજી (મોતૈયા લાડુ) | બળદીયા-કચ્છ |
| ફાગણ વદ-૬ | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી માધવપ્રસાદદાસજી (મગસ) | સાપાવાડા |
| ફાગણ વદ-૬ | કામદાર મયંકભાઈ (મોતૈયા લાડુ) | પોરબંદર |
| ફાગણ વદ-૮ | અ.નિ. ચંદ્રિકાબેન નાનજી વેકરીયા (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| ફાગણ વદ-૯ | અ.નિ. ચંદ્રિકાબેન ચંદ્રકાંત મહેતા (મોહનથાળ) | નારણપુરા |
| ફાગણ વદ-૧૦ | હર્ષ દામાણી (શિખંડપુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૧ | ભટ્ટ કલ્પનાબેન રમેશચંદ્ર (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૧ | પટેલ વીણાબેન રવજીભાઈ (મોહનથાળ) | અમેરિકા |
| ફાગણ વદ-૧૧ | આકોલીયા કંચનબેન ધીરૂભાઈ (મોહનથાળ) | પીયાવા-કચ્છ |
| ફાગણ વદ-૧૧ | (ફરાળ) કરશન રવજી રાબડીયા (ડ્રાઈફ્રૂટ હલવો) | માંડવી-કચ્છ |
| ફાગણ વદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર (ડ્રાઈફ્રૂટ હલવો) | |
| ફાગણ વદ-૧૨ | સોલંકી ઓધવજીભાઈ (ડ્રાઈફ્રૂટ હલવો) | ગાંધીનગર |
| ફાગણ વદ-૧૪ | પટેલ રમણભાઈ નારણભાઈ (મોહનથાળ) | રનેલા |
| ફાગણ વદ-૩૦ | પટેલ દેવેન્દ્રકુમાર નરસીભાઈ (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| ફાગણ વદ-૩૦ | સિધ્ધાર્થ ઠક્કર (મોહનથાળ) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ) ઈસ્ટ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- પટેલ પૂંજાભાઈ હીરદાસ ગ્રામસેવક પરિવાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે — સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાર્થે — સાબરમતી
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્રશ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૦/- વાઘેલા કર્મરાજસિંહ પ્રદિપસિંહ જન્મ દિને — ગોધાવી
૧૦૦/- વાઘેલા મનસ્વીબા વિજયસિંહ જન્મ દિને — ગોધાવી
૧૦૦/- ચાવડા રમેશ નરસિંહભાઈ ચિ. જીયાનના જન્મ દિને — સુરત
૧૫૧/- પટેલ હયાન મુક્તેજ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- સાપરીયા કિશોરભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રાજકોટ
૧૦૦/- રામપરીયા બિપીન મગનભાઈ નવું ફ્રીજ નિમિત્તે — બારડોલી
૧૦૦/- અ.નિ. જીકુબા લાલુભા વાઘેલાના સ્મરણાર્થે — ગોધાવી
૧૦૦/- અ.નિ. વાઘેલા લાલુભા સરદારસિંહના સ્મરણાર્થે — ગોધાવી
૨૦૦/- અ.નિ. ચૌહાણ ધનીબા હેમાજી પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે — ટાંકીયા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ચિલોડા
૧૦૦/- પટેલ મેહુલ રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે — ટાંકીયા
૧૦૧/- વેગડ કિશોરભાઈ કરશનભાઈ ચિ. પ્રિયંકના લગ્ન પ્રસંગે — નવસારી
૧૦૧/- ચોટલીયા વેલજીભાઈ લાલજીભાઈ ચિ. ભાવિકના લગ્ન પ્રસંગે — નવસારી
૨૦૨/- ચોટલીયા રમણીકભાઈ રામજીભાઈ ચિ. એકતાબેન અને દીશાના લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ જન્મ દિને અને દીશાજી — અમદાવાદ
૧૦૦/- પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ જન્મ દિને — બાયડ
૧૦૦/- પટેલ ધરણી, શિરાલી અને ઉન્નત શ્રી નરનારાયણદેવ પાટોત્સવ પ્રસંગે — બાયડ
૫૦૦/- પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ શ્રી નરનારાયણદેવ પાટોત્સવ પ્રસંગે — રિદ્રોલવાળા
૧૦૧/- મોદી રિંકલકુમાર ભરતભાઈ ચિ. હિતાર્થના જન્મ પ્રસંગે — માણસા
૧૦૦/- કા. વિમલકુમાર નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ધનસુરા
૧૦૧/- પટેલ જસુમતીબેન ભાઈલાલભાઈ ચિ. અમિતને કેનેડાના વિઝા નિમિત્તે — નરોડા
૨૦૦/- પટેલ જીતેન્દ્રભાઈ નટવરભાઈ ચિ. તેજના જન્મ પ્રસંગે — ગવાડા
૧૦૧/- પટેલ મયુરકુમાર અમૃતભાઈ ચિ. હિતવાના જન્મ દિને — વિહાર
૧૦૦/- મકવાણા જયંતીભાઈ માનસંગભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — લીંબડી
૨૦૦/- પટેલ રમણભાઈ રેવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — થુરાવાસ
૧૦૦/- સોની તનિશ મેહુલભાઈ જન્મ દિને — અમદાવાદ
૨૦૧/- રાઠોડ જીતેન્દ્ર ચિમનલાલ ચિ. તેજસ ઓસ્ટ્રેલીયા ગઈ તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- ચાવડા મિતરાજ ભીખુભાઈ રામસંગભાઈ લગ્ન પ્રસંગે — બળોલ-ભાલ
૧૦૦/- પરમાર ખોડુભાઈ શાંતિભાઈ ચિ. ભાણો દિવ્યજીતઅને શિવાંસના જન્મ પ્રસંગે — બળોલ-ભાલ
૨૫૧/- ઠક્કર નટવરભાઈ મોહનલાલ એલ.આઈ.સી. વિમો પાક્યો તે નિમિત્તે — વિરમગામ
૧૦૦/- પટે પાર્થ અશોકભાઈ ચિ. પુત્ર વ્રજના જન્મ પ્રસંગે — ફુલછત્રપુરા
૧૫૦/- પટેલ સંજય ગોવિંદભાઈ અ.નિ. પટેલ અંબાલાલ નાનદાસની પુણ્યતિથિ નિમિત્તે — વડુ
૧૫૦/- પટેલ પ્રાચી સંજયભાઈ જન્મ દિને — વડુ
૧૦૦/- પટેલ વનમાળીભાઈ જીવણભાઈ ચિ. કુશના જન્મ દિને — ધરમપુર
૧૦૧/- મોદી અમરતલાલ મગનલાલ રામનવમી પ્રસંગે — સેટેલાઈટ
૫૦૧/- પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ ચિ. પૌત્રી પ્રિયા પ્રતિકકુમારના યુ.કે. પ્રવાસ નિમિત્તે — લસુન્દ્રા
૨૦૦૦/- મકવાણા હંસાબેન માધવજી શ્રીજી પ્રસન્નાર્થે — રાજકોટ
૧૦૦/- પટેલ શૈલેષભાઈ બાબુલાલ પુણ્યતિથિ નિમિત્તે — માણસા
૧૦૧/- એક હરિભક્ત તરફથી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ નિમિત્તે — મહેસાણા
૧૦૧/- પટેલ રમેશભાઈ છનાભાઈ જન્મ દિને — ફુલછત્રપુરા
૧૦૧/- પટેલ નટવરભાઈ મોહનભાઈ પુત્રી નિરાલીના તા. ૨૮-૧-૧૯ લગ્ન પ્રસંગે — મેથાણ

૨૦૦/- અ.નિ. પટેલ રેવાબેન હિરદાસના સ્મરણાર્થે મોખાસણ
૧૦૧/- ભાવસાર નંદિશ જયકુમાર પ્રાંતિજ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૨૫૧/- ઠક્કર નટવરલાલ મોહનલાલ શ્રીજી પ્રસન્નાર્થે વિરમગામ
૨૫૦/- પટેલ ભૌમિક બળદેવભાઈ પુત્ર જન્મ પ્રસંગે બારેજા
૧૫૦/- પટેલ જીલ નરેન્દ્રકુમાર કાશીન્દ્રા
ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- બૂટીયા રૂતુરાજ પરેશભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે કાલીયાણા
૫૦૦/- ચુડાસમા નીતુભા હઠુભા શ્રીજી પ્રસન્નાર્થે જીંજર
૨૦૦/- પટેલ કંચનબેન રણછોડભાઈ નવો ફલેટ લીધો તે નિમિત્તે નારણપુરા
૧૨૫/- પોરીયા ક્રિષ્ણાબેન કાંતિભાઈ લગ્ન પ્રસંગે સુરત
૧૨૫/- પોરીયા દિવ્યા કાંતિભાઈ લગ્ન પ્રસંગે સુરત
૨૦૦/- રાઠોડ અક્ષીણીબેન હસમુખભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૫૦૦/- ગજ્જર કનુભાઈ માવજીભાઈ ધરમપુર
ચિ. હિનલને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૨૦૧/- પટેલ સુદિપકુમાર મહેન્દ્રભાઈ લસુન્દ્રા
શ્રી નરનારાયણદેવ કૃપાથી ઓસ્ટ્રેલીયાના પી.આર. નિમિત્તે
૫૦૦/- પટેલ જીનેશ સુમનભાઈ ચિ. પુત્રી ધીયાના જન્મ પ્રસંગે સાબરમતી
૧૦૧/- પટેલ દશરથભાઈ સોમાભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ નિમિત્તે મોટેરા
૫૦૧/- પટેલ સમજુબેન રમેશભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને મોટેરા
૨૦૦/- પટેલ ગુંજન જયંતીભાઈ ચિ. દિવ્યાના જન્મ દિને ઉનાવા
૧૦૦/- ઠક્કર ચંદ્રિકાબેન મયુરભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને ગાંધીનગર
૧૦૦/- પટેલ કાંતિભાઈ મગનલાલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે ઉંઝા
૧૧૧/- તારબુંદીયા અરજણભાઈ ભીખાભાઈ ઘનશ્યાનગર
ધર્મેશને શિક્ષકની નોકરી નિમિત્તે
૧૧૧/- સોનાગ્રા દિલીપભાઈ ઘનશ્યામભાઈ ભક્તિનગર
શિક્ષકની જોબ મળી તે નિમિત્તે
૧૧૧/- સોનાગ્રા જયશ્રીબેન દિલીપભાઈ શિક્ષકની જોબ નિમિત્તે ભક્તિનગર
૧૧૧/- સોનાગ્રા લલીતભાઈ ઘનશ્યામભાઈ ભક્તિનગર
એડવોકેટ બન્યા તે નિમિત્તે
૧૧૧/- વિલાસબેન લલીતભાઈ ભક્તિનગર
કોન્સટેબલની જોબને ૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ વસંતભાઈ મગનભાઈ વિહાર
નવી ફેકટરીના શુભ પ્રવેશ પ્રસંગે
૫૦૧/- પટેલ ચાર્મીબેન સુશીલકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કોઠબા
૧૦૧/- પટેલ સોમાભાઈ નાથાભાઈ કોઠંબા
નવું ગોડાઉન ચાલું કર્યું તે નિમિત્તે
૧૦૧/- પટેલ રાયજીભાઈ નાથાભાઈ કોઠંબા
નવું ગોડાઉન ચાલું કર્યું તે નિમિત્તે
૧૦૦/- પટેલ વિજયાબેન રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૫૦/- પટેલ કૈલાશબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- અમીન કમલેશભાઈ નાનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચલોડા

૧૦૦/- મોદી પ્રહલાદભાઈ શંકરલાલ
ચિ. પૌત્ર પ્રીતકુમારના જન્મ દિને સતલાસણા
૧૦૦/- મોદી સવિતાબેન પ્રહલાદભાઈ સતલાસણા
ચિ. પૌત્ર ક્રિષ્ણકુમારના જન્મ દિને
૫૦૦/- અ.નિ. પટેલ ખેમાભાઈ સાંકાભાઈના સ્મરણાર્થે લાલોડા
૧૦૦/- વાઘેલા રામબાબા કેસરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા દેવુબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૫૧/- પટેલ કાંતિલાલ કેશવલાલ જન્મ દિને કાસીન્દ્રા
૧૫૦/- અ.નિ. ઈશ્વરલાલ ફુલદાસ પટેલ ગોવિંદપુરા વેડા
૩૧ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- સિંધવ મીહિર નરેશકુમાર જન્મ દિને માલણપુર
૨૦૧/- ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા શ્રીજી પ્રસન્નાર્થે અડવાળ
૧૧૧/- નાગર નવીનચંદ્ર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઓઢવ
૧૦૧/- પટેલ રમીલાબેન કનુભાઈ જન્મ દિને આનંદપુરા
૧૦૦૦/- શ્રીકૃષ્ણ ટીમ્બર માર્ટ પરસોતમભાઈ શંકરભાઈ કડી
લાટીવાળા ડમ્ફર ટ્રક નવી ગાડી નિમિત્તે
૧૦૦/- ચાવડા રણજીતસિંહ કાનાભા શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૨૦૦/- અ.નિ. ચૌહાણ રામભાઈ પચાણભાઈ પુણ્યતિથિ નિમિત્તે વણી
૧૭૭/- પટેલ પુરૂષોત્તમદાસ હરજીવનદાસ, મંગુબેન પુરૂષોત્તમદાસ વડુ
શ્રી નરનારાયણદેવ કૃપાથી દીર્ઘાયુષ અર્થે
૧૦૦/- પટેલ મેહુલ રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહાદેવનગર
૧૦૦/- ચાવડા મેઘ્રુ હિતેષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ગુર્જર યોગેશકુમાર કનુભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- ભાવસાર કોકીલાબેન ડાહ્યાભાઈ કલોલ
તેમના માતુશ્રી આદિબાના સ્મરણાર્થે
૧૦૫/- ભાવસાર જસીબેન હરિલાલ સાબરમતી
રામનવમી પુણ્યતિથિ નિમિત્તે
૧૫૧/- પટેલ દિલીપભાઈ શંકરભાઈ સીટીએમ
ચિ. દર્શની ચૌલક્રિયા નિમિત્તે
૨૦૧/- પટેલ વિરલબેન સૌરિનકુમાર શ્રીમંત પ્રસંગે અમેરિકા
૧૦૦/- પટેલ જય ભાવેશ જન્મ દિને હિરામોતી
૧૦૦/- પટેલ હેતલ ભાવેશ જન્મ દિને હિરામોતી
૫૦૧/- ઝવેરી હિરાલાલભાઈ ગંગારામભાઈ રામનવમી પ્રસંગે વાંકાનેર
૧૦૦/- ડૉ. એરિકા જેનીશ પટેલ જન્મ દિને હિરામોતી
૧૦૦/- પટેલ કોકીલાબેન જયંતીભાઈ રામનવમી નિમિત્તે કણભા
૧૦૧/- ડાભી કનકેશ ગીરીશકુમાર જન્મ દિને મહેસાણા
૧૦૧/- ડાભી ગીતાબેન નારણદાસ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ દેવલ, દિવ્ય અને વેદાંત શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- પટેલ ધરણી, શિરાલી, ઉન્નત શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને બાયડ
૧૦૦/- અ.નિ. ધવલ રાકેશભાઈ પુણ્યતિથિ નિમિત્તે બાયડ
૫૦૧/- મીસ્ત્રી અરૂણાબેન હિંમતલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૫૦૧/- મીસ્ત્રી અરૂણાબેન હિંમતલાલ અમદાવાદ

નવી ગાડી લાવ્યા તે નિમિત્તે

૫૦૧/- અ.નિ. કા. પુષ્પાબેન નગીનદાસના સ્મરણાર્થે લુણાવાડા

૨૫૦/- પટેલ વિશાલ હરિકૃષ્ણભાઈ વિહાર

કેનેડા જોબમાં પ્રમોશન મળ્યું તે નિમિત્તે

૧૦૦/- પટેલ જીતેન્દ્ર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા

૧૦૧/- પટેલ અંબાલાલ હરગોવનદાસ જન્મ દિને તા. ૧૫-૪-૧૯ વિહાર

૨૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને કરજીસણ

૧૦૦/- કા. મંજુલાબેન હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર

૧૦૧/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ

૧૦૦/- અમીન વર્ષાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ

૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ

૨૦૦/- પટેલ રંજનબેન પ્રકાશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નિકોલ

૧૦૧/- ઠક્કર ઉષાબેન એસ. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૧૦૦/- સોની હેતલ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ

૨૫૧/- દરજી હાર્દિક મુકેશભાઈ ચિ. પુત્ર ક્રિશીવના જન્મ પ્રસંગે એડીલેડ

૧૦૧/- ડાભી અનંતસિંહ લક્ષ્મણસિંહ ચિ. પુત્ર યોગેન્દ્રસિંહને ત્યાં તા. ૧૧-૪-૧૯ના પુત્ર જન્મ પ્રસંગે ડાંગરવા

૧૦૧/- સુર દિપુભાઈ ગોવિંદભાઈને ત્યાં પુત્ર જયદેવના જન્મ પ્રસંગે બળોલવાળા

૨૦૧/- પટેલ વિરેનકુમાર કનૈયાલાલ નવી ગાડી લીધી તે નિમિત્તે રતનપુર

૧૦૧/- વાઘેલા અશોકસિંહ જામભા શ્રી હનુમાન જયંતી નિમિત્તે ગોધાવી

૧૦૦/- પટેલ ભોળાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે ભાવપુરા

૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ

૧૦૦/- પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે પરઢોલ

૧૦૦/- પટેલ પ્રીતિબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર

૧૦૦/- ડિંગોલીવાળા રેણુંકાબેન કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સુરત

૨૦૦/- પટેલ નટવરભાઈ મોહનભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે ધરમપુર

૨૦૦/- વાઘેલા વિલાસબા કાનજીભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૦૦/- પટેલ ડેનીશ જીતેન્દ્રકુમાર લગ્ન પ્રસંગે પલસાણા

૨૦૦/- પટેલ પ્રેમીલાબેન ગણપતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપર

૧૦૦/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા

૧૦૦૧/- ચૌધરી દશરથભાઈ ગાંડાભાઈ શ્રી નરનારાયણદેવે સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે બાપુપુરા

૧૦૦/- પટેલ હર્ષકુમાર ઘનશ્યામભાઈ જન્મ દિને ખેરોલ

૨૫૧/- ઠક્કર ચિરાગ સુરેશભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે વેજલપુર

૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા

૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા

૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ તા. ૨૮-૫ જન્મ દિને બાયડ

૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ

૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ

૧૦૧/- લીંબડ પ્રીસા વિશાલ શ્રીજી પ્રસન્નાર્થે કડા

૧૦૦/- પટેલ પ્રવિણકુમાર જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ

૧૦૦/- પટેલ ઈશ્વરભાઈ જેઠાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રનેલા

૧૦૦/- પટેલ મેઘાબેન વિરેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૦/- પટેલ કૌશેલેન્દ્ર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૦/- પટેલ રિધ્ધિબેન કંદર્પકુમાર શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૦/- પટેલ રાજવીર વિરેન્દ્રભાઈ જન્મ દિન નિમિત્તે બાયડ

૧૦૦/- પટેલ મિષ્કાબેન કંદર્પભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૧/- પટેલ પોંચીદાસ જીવીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ

૧૦૦/- પટેલ હર્ષદકુમાર કાળીદાસ ચિ. દિવ્યના જન્મ દિને કોલાદ


૧૦૦/- પટેલ નિકુંજકુમાર પ્રવિણભાઈ જન્મ દિને ડેમાઈ

**''શ્રી સ્વામિનારાયણ માસિક''ના પ્રતિનિધિ પ.ભ. શ્રી ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા (કાલીયાણા) દ્વારા ટ્રેન્ટ શ્રી સ્વામિનારાયણ મંદિરના શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે ૭૮ કાયમી સભ્યો બનાવીને સભ્ય દીઠ રૂા. ૧૦૦/- દરેક ને સૌજન્ય ભેટ આપી સુંદર સેવા કરી હતી. ધન્ય છે આવા નિષ્ઠાવાન ભક્તોને.**

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

**જેતલપુર : www.jetalpurdarshan.com**
**છપૈયા : www.chhapaiya.com**
**નારણઘાટ : www.narayanghat.com**
**પ્રયાગ : www.prayagmilan.org**
**ઈડર :** www.gopinathjiidar.com
**ધોળકા : www.swaminarayanmandirdholka.co.in**
**મહેસાણા : www.mahesanadarshan.org**
**ટોરડા : www.swaminarayanmandirtorda.com**
**વડનગર : www.swaminarayanmandirvadnagar.com**
**અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com**
**નારણપુરા : www.sankalpmurti.org**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



૧. અંજલી મંદિરમાં હનુમાન જયંતી નિમિત્તે પારાયણ પ્રસંગે આરતી ઉતારતા પૂ. મહારાજશ્રી. ૨. બાલાસિનોર મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. મહારાજશ્રી. ૩. મહેસાણા મંદિરમાં રામનવમી અને હનુમાન જયંતીની ઉજવણી. ૪. માંડલ મંદિરના પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ. ૫. કાંકરિયા મંદિરમાં રાત્રી કથા પારાયણ. ૬. રાણીપ મંદિરમાં શ્રી હરિ પ્રાકટ્યોત્સવ. ૭. માણેકપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે કથા કીર્તન કરતા સંતો. ૮. બાવળાના સંત હરિભક્તો દ્વારા છપૈયા ધામની પદયાત્રા. ૯. નરોડા શ્રી ન.ના.દેવ યુવક મંડળ દ્વારા ગરીબ બાળકોને બૂટ - ચંપલ વિતરણ.

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020









અમદાવાદ મંદિરમાં રામનવમી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ.

NND - CALENDAR

અમદાવાદ કાલુપુર મંદિર દ્વારા
કેલેન્ડર તથા નિર્ણયની નવી એપ
એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. માટે
ડાઉનલોડ માટે ઉપલબ્ધ

www.swaminarayan.in info@swaminarayan.in
Follow Us @ nndkalupurmandir
Daily Darshan Whatsapp no. +91 9909 967104

Praful Kharsani